શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

એપ્રિલ - ૨૦૦૭'

છુટક નકલ રૂા. ૧/-

## જ્યોતિપુંજ ના ૫૦ વર્ષની ઉજવણી

તથા

## સોવિનીયરનું વિમોચન

### તા. ૩ જી જુન, રવિવાર

### બિરલા માતૃશ્રી સભાગૃહ

૫૦
૧૯૫૬ - ૨૦૦૬
જ્યોતિ-પૂંજ

*કાર્યક્રમમાં ભાગ લેવા હજી પણ ગ્રુપ લેવામાં આવશે*
*સોવિનીયર ફકત કુપનની સામે આપવામાં આવશે.*
*જે માટે મે મહિનાનો અંક ચુકશો નહી.*
*જે લેખકોને પોતાનો લેખ સોવિનીયર માં આપવો હોય*
*તેઓ માટે આખરી તા. ૨૦ મી એપ્રિલ રહેશે.*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ૫૭ મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

ભાઈશ્રી, બહેનશ્રી

આથી ઉપર્યુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૪.૬.૨૦૦૭ સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈના પ્રમુખસ્થાને સંસ્થાની ઓફિસ ખાતે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલતવી રહેલી આ સભા એજ તારીખે અને એ જ સ્થળે અડધો કલાક બાદ ફરીથી મળશે.

## સભાનું કામકાજ

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા

૨) શૈક્ષણિક પારિતોષકોનું વિતરણ

૩) વર્ષ ૨૦૦૬-૨૦૦૭ ની કાર્યવાહક સમિતિના અહેવાલને બહાલી આપવી

૪) વર્ષ ૨૦૦૬-૨૦૦૭ ની પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી

૫) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટે અન્વેષકની નિમણુંક તેમજ તેમનું માનદ મહેનતાણું નક્કી કરવા.

૬) બંધારણ પરના સુધારા વધારા આવેલા હોય તો તે પર વિચારણા કરી તેને પસાર કરવા.

૭) ઠરાવો આવેલા હોય તો તેના પર વિચાર કરી તેને બહાલી આપવા.

૮) ચૂંટણીના પરિણામ જાહેર કરવા

૯) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે

૧૦) પ્રમુખશ્રીનું ભાષણ

**નોંધ :-** બંધારણ ઉપરના સુધારા વધારા જે સભ્યોને મોકલવા હોય તો તે તેઓએ લેખીતમાં મંત્રી શ્રી પ્રદીપ કડકીઆને તા. ૩૧.૫.૨૦૦૭ પહેલા પહોંચાડવા વિનંતી.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આ વર્ષે વિવિધ સમિતિઓમાં કામ કરવા ઈચ્છતા કાર્યકર્તાઓને વિનંતી કે તેઓ પોતાના નામ વહેલી તકે સંસ્થાના મંત્રી પ્રદીપ પ્રવીણચંદ્ર કડકિયાને પહોંચાડી દે જેથી તેના પર વિચાર કરી અમલમાં મુકવા સરળતા પડે. (૫૭મી વાર્ષિક સામાન્ય સભાને દિવસે ૧૦મી ટેલીફોન ડીરેકટરીનું વિમોચન કરવાનો વિચાર છે. વધુ વિગત માટે આવતા અંકમાં જણાવવામાં આવશે.)

*મંત્રી - પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆ*

*તા. ૨૨.૪.૨૦૦૭*

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૧ | ૧૪-૪-૨૦૦૭ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી



**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

´É0±ÉOÉ0{É HÉ©É¶É0«É±É HÉù~ÉÉù¶É{É

6, LÉÉLÉÉ ¥ÉXù, ©É¥É>-400 003.

£É{É : 2444 9916 • 2444 9929

*

**મંત્રી : પ્રદીપ કડકીઆ**

SÉr¶É +{÷ù¡ÉÉ>»É HÉù~ÉÉù¶É{É, 17, q´ÉHùiÉ ©É{¶É{É,

~ÉÉcH ´ÉÉe0, ±ÉÉ¾Éù SÉÉ±É, ©É¥É>- 400 002.

÷.(+É.) : 22018326/22061935

(PÉù) : 23865769 (©ÉÉ¥ÉÉ>±É) & 9819389484

*

: HÉ«ÉÉ±É«É :

118/120, +ùq¶ÉùqÉq0 »÷0÷, ´É0.~É0. ùÉe,

©É¥É> - 400 004. ÷.{É. : 2388 7006

: »É©É«É :

»ÉÉ©É´ÉÉù 0É0 ¶ÉÊ{É´ÉÉù 7 0É0 8.30 (»ÉÉW)

ùÊ´É´ÉÉù 9.30 0É0 11.00 (»É´ÉÉù)

**visit us at www.balasinor.org**


# સિંગલ ચાઈલ્ડ

**તંત્રી સ્થાનેથી**

સત્તે પે સત્તા પીકચરમાં અમિતાભ એની પત્ની બનેલી હેમાને પોતાના ભાઈઓનો પરિચય આપતાં સમજાવે છે તેઓના નામ અમે સાતભાઈઓ હતાં એટલે અમારા નામ મા-બાપે વાર ઉપરથી રાખ્યા, રવિ, સોમ, મંગળ.... ત્યારે હેમાએ સહજ પૂછયું કે વધારે ભાઈઓ હોત તો? અમિતાભે સહજ રીતે કહ્યું જનવરી, ફરવરી, માર્ચ.... આ ઉપરાંત ઘણા હીરો હીરોઈનોએ પીકચરોમાં એક આખી ક્રીકેટ ટીમ જણવાની ઈચ્છા પ્રગટ કરી છે. આપણી બાલાસિનોર ન્યાતમાં પણ દસ કે એથી વધુ ભાઈ બહેનો ધરાવતાં કુટુંબો સહજ ગણાતા. તેર સંતાનો પછી પતિના અવસાન બાદ એક માજીને મેં કહેતા સાંભળ્યા છે,"અમારા એ હજી જીવતા હોત તો મારે હજી બે ચાર સંતાનો ના હોત?"

સામે પક્ષે ઘડપણમાં પોતાની અવગણના કરનાર અને છતે છોકરે ઘરબાર છોડીને વૃધ્ધાશ્રમોમાં પરાણે રહેતાં મા-બાપ પોતાને સંતાનો હોવા પ્રત્યે અફસોસ વ્યકત કરીને નિ:સાસા નાખતાં હોય છે. એક દાનવીરે બંધાવેલી મફત પાણીની પરબ ઉપર એના સંતાનને પાણીનો વેપાર કરતો જોઈને ભામાશાએ કહ્યું હતું,"આવા સંતાનો કરતાં પ્રભુ! મને નખોદ આપજો" ખેર! નખોદની વાત જવા દઈએ. એવા શાપ કોઈ મા-બાપને ન મળે એવી ઉપરવાળાને પ્રાર્થના. કારણ કે સંતાન વગરના મા-બાપોની વ્યથા, વાંઝ મેણું સતત સાંભળવાની સજા અને બે શેર માટીની માંગણી સાથે

દોરા ધાગાથી માંડીને, માનતા, જાત્રા અને જ્યોતિષોના ચક્કરમાં સતત અથડાતા મા-બાપો આ સજા માટે આખી જીંદગી ભગવાન પાસે પોતાનો ગુનો પુછતાં હોય છે.

આજે વાત કરવી છે કે કેટલાં સંતાનો હોવા જોઈએ. ઘણા ધર્મમાં અને અનપઢ પ્રજામાં જેઓ સંતાનોને ઉપરવાળાની દેન સમજતાં હોય તેઓમાં તો દર વર્ષે એક સંતાન હાજર જ હોય છે. ''એક હાથમાં તો બીજું ખોળામાં ને ત્રીજુ કોખમાં'' આજે જેમ વિજ્ઞાન આગળ વધ્યું છે અને સામાજીક જાગૃતિ વધી છે એમ મા-બાપ નક્કી કરે છે કે ક્યારે અને કેટલાં સંતાનોને જન્મ આપવો. બારમાંથી ચાર, ચારમાંથી બે અને આજે ફક્ત એક જ સંતાનનો ટ્રેન્ડ આવી ગયો છે. પહેલાં ગામડા ગામમાં ખેતરોમાંથી અનાજની આવક રહેતી અને ખાવાપીવા સીવાય કંઈ ખર્ચા ખાસ હતા નહી એટલે વધારે છોકરાઓનો નિભાવ થઈ જતો. ગામની શાળામાં મફત ભણવાનું અને ના ભણે તો ખેતરે કામે લાગી જવાનું, ખર્ચાની અને ઉછેરની જવાબદારી જાણે હતી જ નહી. જ્યારે આજે પરિસ્થિતી બદલાઈ છે. સ્કુલની ઉંચી ફી, ટયુશન ફી, આ ને તે એક્ટીવીટીના ક્લાસીસ, એના જ્ઞાન ગમ્મત માટેનો ખર્ચ, ઉચ્ચ શિક્ષણનો ખર્ચ, એને કામ ધંધે લગાડવાનો ખર્ચ, ઘર લેવાનો ખર્ચ. આ બધા સામે બાળક જાણે ન પોષાય એવી બાબત બની ગઈ છે. એક જવાબદારી બની ગઈ છે અને જવાબદારી નીભાવી શકાય એટલી જ લેવી જોઈએ એ આજના મા-બાપ સમજે છે. બાળકના સંપુર્ણ ઉછેર માટે એના વ્યક્તિત્વના વિકાસ માટે આજે પૈસા અને સમય બન્નેનો અભાવ વર્તાય છે અને એટલે જ કદાચ મા-બાપ સિંગલ ચાઈલ્ડની પોલીસી અપનાવે છે. સંયુક્ત કુટુંબમાં રહેતા મા-બાપના એક માત્ર સંતાનને એકલતા સતાવતી નથી કારણે કે દાદા-દાદી કે પોતાના કઝીન બર્ધસ કે સીસ્ટર્સની સાથે તેઓ પોતાની લાગણીઓ શેર કરે છે પરંતુ ફક્ત ત્રણ જણનું કુટુંબ હોય તો બાળક એકલતાથી પીડાય છે. વધુ પડતા લાડ પ્યાર પામવાથી એની આદતો અને એનો સ્વભાવ બદલાય છે. બધું જ એકલાને મળવું જોઈએ એવી ભાવના દ્રઢ થાય છે અને જીવનમાં એ ક્યારેય વહેંચીને પામવાની વૃત્તી કેળવી શકતો નથી. પહેલાં સંતાન પછી ત્રણ કે ચાર વર્ષનો ગેપ હોય તો બીજું બાળક આવવાથી પ્રથમ સંતાન સતત ઉપેક્ષા અનુભવતું હોય છે. એને સરખી રીતે હેન્ડલ ન કરીએ તો ધીરે ધીરે એના મનમાં આવનાર ભાઈ કે બહેન માટે ગ્રજ બંધાતો જાય છે અને કેટલીકવાર એનું વર્તન આવનાર બાળક તરફ હિંસક પણ બને છે. તો પછી ફક્ત એક માત્ર સંતાન કેટલો પઝેસીવ નેચર ધરાવી શકે? બાળક જ્યારે જરાક સમજણું થાય અને મા-બાપના ફ્રેન્ડ સર્કલમાં પોતાની ઉંમરના બાળકો ના હોય તો પણ એ એકલતા અનુભવે છે અને મા-બાપ સાથે જવાનું ટાળે છે અને પોતાની એકલતામાં જીવતાં શીખી લે છે. એક સંતાનના મા-બાપે પોતાના સંતાનને મિત્રો મળી રહે. પોતાની સમવયસ્ક કંપની મળી રહે એ માટે જાગૃતિ રાખવી જોઈએ. સતત મોટી ઉંમરના દાદા દાદી પાસે રહેતું બાળક પોતાની ઉંમરથી જલ્દી મેચ્યોર બનીને પોતાની બાળકવૃત્તિ ગુમાવે છે. યુવાનવયે બાળક પોતાના મા-બાપ કે વડીલો સામે કેટલીક બાબતો શેર નથી કરી શકતો અને જો યોગ્ય મિત્ર ન મળે તો અંદરો અંદર એ સોરાય છે. મા-બાપ ગમે એટલા ફ્રેન્ડલી હોય એક સમવયસ્ક ભાઈ કે બહેનનો અભાવ એને સતત વર્તાય છે. જોકે ધીરે ધીરે એ પોતાની એકલતાને સ્વીકારીને જીવતાં શીખી જાય છે. અને અંગત મિત્રો પણ બનાવી લે છે. પરંતુ જીવનના સારા માઠા પ્રસંગે અને વાર-તહેવારે એને કોઈક પોતાની વ્યક્તિની ખોટ જરૂર વર્તાય છે.

કોક કહેશે ભાઈ બહેન હોય પણ મોટા થઈને એકબીજા સામે જોતાય નથી. કે બોલવાનો વહેવાર પણ રહેતો નથી. તો એ ભાઈ બહેનો શા કામના? બની શકે છે કે સંજોગો અને પરિસ્થિતી લોહીના સંબંધો ભુલાવી દે

છે પણ એના માટે જવાબદાર માણસની પોતાની સ્વાર્થવૃત્તી, માફ ન કરીને સતત મનમાં એકાદ નાનકડા કડવા બોલને ઘુંટયા કરવાની પ્રકૃતિ અને થોડે ઘણે અંશે ઉછેર જવાબદાર છે. બાકી ભવિષ્યમાં થનાર આવી પરિસ્થિતીનો વિચાર કરીને આજે શક્ય હોય તો પણ અને ઉછેર થઈ શકે એમ હોય તો પણ સિંગલ ચાઈલ્ડની ફિલસુફી અપનાવવી મને યોગ્ય નથી લાગતી. આ ફિલસુફીમાં બાળકના ભલા કરતાં મા-બાપની પોતાની સગવડો સાચવવાની અને પોતાને અનુકુળ પરિસ્થિતી સર્જવાની વૃત્તી વધુ લાગે છે. પોતે જવાબદારી નિભાવી નથી શકતાં માટે કે પરિસ્થિતીને બેલેન્સ નથી કરી શકતાં માટે તેઓ આ ફિલસુફી અપનાવે છે. બાકી બાળકને તો પોતાના ભાઈ કે બહેન ન હોવાનો અફસોસ આખી જીંદગી સતાવતો હોય છે અને એ સતત મિત્રમાં પોતાનો ભાઈ શોધવાનો કે મિત્રની બહેનમાં પોતાની બહેન શોધવાનો વ્યર્થ પ્રયત્ન કરતો રહે છે.

કેટલા સંતાનો હોવા જોઈએ એ દરેક મા-બાપની અંગત બાબત છે. મેં ફક્ત બન્ને બાજુથી મા-બાપની હાલની અને સંતાનોની ભવિષ્યની પરિસ્થીઓનું વિશ્લેષણ કરવા પ્રયત્નો કર્યો છે. બાકી આખરી નિર્ણય મા-બાપે કરવાનો છે અને સંતાનોએ સ્વીકારવાનો છે.

✍ **નિખિલ પરીખ**

**(આ નિર્ણય કરતાં પહેલા વાંચો સમસ્યાની બીજી બાજુ આના પછીના ચેતન મોદીના લેખમાં.)**

## શૈક્ષણિક પારિતોષિકો-શાળા, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓ માર્ચ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને પારિતોષીકો આપવામાં આવે છે. જેમાં K.G., ધોરણ ૧ થી ૯, S.S.C., H.S.C., B.Com., B.A., B.D.S., C.A., L.L.B., Eng., M.B.B.S. વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે. તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તા. ૩૦.૯.૨૦૦૬ સુધીના પરિણામોની Xerox Copy સાથે સંસ્થામાં પોતાના નામ આપી જવા. ઈનામ વિતરણ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

**- મંત્રી - પ્રદીપ કડકીઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો઼ઓ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

**Only for Ladies :**
**Every Thursday 3 to 5 p.m.**
**By Appointment**

વધુ વિગત માટે સંપર્ક કરો.

**મંજુલ શૈલેષ ધારીઆ**

✆ : ૨૪૯૩૩૬૧૮ • ૬૫૮૦૨૪૪૧
૯૮૨૦૧૩૫૦૧૪

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## પ્રકાશિત
# જ્યોતિપુંજ ૫૦ વર્ષ ઉજવણી પર્વ
### તા. 3 જી જુન ૨૦૦૭ રવિવાર,
### સવારે ૯.૦૦ કલાકે બીરલા માતૃશ્રી સભાગૃહ
### મરીન લાઈન્સ – મુંબઈ – ૪૦૦૦૦૨

છેલ્લા ત્રણ મહિનાથી અમારી જાહેરાતો વાંચીને આપ સૌનો સાથ મળ્યો છે. હજી તમારી ટેલેન્ટ બતાવવા માટે આ આખરી તક છે. જલ્દીથી ગ્રુપ બનાવી નામ નોંધાવશો. દરેક ગ્રુપના ડ્રેસ તથા કોરીયોગ્રાફી માટે સંસ્થા નક્કી કરશે એ પ્રમાણે મહેનતાણું મળી રહેશે.

દરેકે દરેક ભાગ લેનારને આકર્ષક ગીફ્ટ પણ આપવામાં આવશે.

વહેતો તે પહેલો ના ધોરણે આપના નામો ને અમે આવકાર આપશું (છ ગ્રુપોના નામ આવી ગયા છે.)

તા. ૩ જી જુન રવિવારે બીરલા માતુશ્રી સભાગૃહ મરીન લાઈન્સ ખાતે આ પ્રયોગનું આયોજન કરવાનું નક્કી કરેલ છે.

જ્યોતિપુંજના પચાસ વર્ષની તવારીખ પણ આ પ્રોગ્રામમાં "Live Audio Visual' પર જોવા મળશે તથા સૉવીનીયર પણ પ્રકાશીત કરવામાં આવશે. જ્યોતિપુંજના હયાત તંત્રીઓનું બહુમાન પણ કરવામાં આવશે.

**જો કોઈની પાસે નવયુવક સંઘના પ્રોગ્રામની જુની યાદો કરાવતાં ફોટા હોય તો**
**તેઓ કન્વીનર શ્રી જતીન દેસાઈનો સંપર્ક કરે.**

*કન્વીનર – શ્રી જતીન દેસાઈ*
*મંત્રી – પ્રદીપ કડકીઆ*

# "એકલાં" આપણે સહુ!

ધનપતિ ધીરજલાલનાં શ્વાસ ખુટયાં, અને એમનાં બન્ને 'લાલ'ની ધીરજ ખુટી. મધ્યમવર્ગીય ઉછેરમાં, નાનાં ફલેટમાં સાથે ઉછરેલા ભાઈઓ, બાપની હયાતી બાદ મોટાં મકાન અને અબજોનાં કારોબારમાં ભેગાં ન રહી શક્યાં. એ ભાઈને બદલે મિત્રો વધુ વિશ્વાસપાત્ર અને વફાદાર લાગ્યાં અને ભાઈઓ અલગ થયાં. જાણીતા ઉદ્યોગપતિનાં ઘરમાં ધનની છોળો વચ્ચે પણ ભાઈઓનાં મન ના મળી શકયાં. સુખ-સાહ્યબી પણ ભાઈ-ભાઈ વચ્ચેની હરિફાઈ રોકી ના શકી, તો નાણાંભીડમાં અટવાતાં પામરોમાં આ હરિફાઈ ના હોય તો જ નવાઈ! ઘર-ઘરમાં આ પરિસ્થિતિ છે, અરે...! પેલાં જાણીતા રાજકારણીએ તો અદેખાઈ કે અન્ય કોઈ કારણે એનાં સગા ભાઈને ગોળી મારી પતાવી નાખ્યો.

એક જ મા-બાપનાં સંતાનો, સરખાં લાડ-પ્યારમાં ઉછેર, નાનપણમાં હળીમળીને, કુટુંબભાવથી સાથે રહે અને અચાનક એકમેકની સામે થઈ જાય. પ્રશ્ન ઉઠે કે, શું મા-બાપની હાજરીમાં પરાણે સંબંધ જાળવી રાખતાં હતાં? જેવી પાંખો ફુટે કે, જબરજસ્તીથી જળવાયેલા સંબંધો છોડી પોતાની મરજીથી બનાવેલાં મિત્રો કે સોબતીઓ સાથે નવો સંબંધ અપનાવતાં?

આતા થઈ ભાઈ-ભાઈ વચ્ચેની વાત. ઉંમરલાયક થતાં જ પુત્રોનો સંસાર શરૂ થાય અને વૃધ્ધાવસ્થામાં 'ન-કામા' થયેલાં મા-બાપ બોજરૂપ લાગવા માંડે. બિનકમાઉ અથવા આર્થિક રૂપે ખાસ મદદરૂપ ન થઈ શકે એવાં માવતર કોણ સાચવે, એ ભાઈઓમાં ચર્ચા અને પછી ઝઘડાનું કારણ બને. બિચ્ચારાં મા-બાપ છતે દીકરે નિ:સહાય અને એકલાં થઈ જાય. 'બાગબાન' તો ઘરે ઘરે જુદા જુદા સ્વરૂપે ભજવાતું જ હોય છે.

કોઈપણ કિસ્સાને સમાજનો માપદંડ કે નિયમ ન માની શકાય. અપવાદો મળી જ રહે છે. પણ ઉપરનાં બંને ઉદાહરણોમાં અપવાદોની સંખ્યા ખુબ જ ઓછી મળે છે. ભૌતિક સુખની વધતી માંગ, શહેરી જીવન, મોંઘવારી, નાણાંભીડ... કારણ ગમે તે હોય આજની આજ સચ્ચાઈ છે.

બે ભાઈઓ સારા મિત્રો હોય એ અપવાદ છે. મા-બાપ, અનેક દીકરાઓને કપરી પરિસ્થિતિમાં સારી રીતે ઉછેરવા મથતાં રહે એ નિયમ છે, પણ બે કે વધુ દિકરાનાં મા-બાપ વૃધ્ધાવસ્થામાં દિકરાઓ વચ્ચે તણાવનું કારણ બને, એ અપવાદ નથી જ!કહેવત છે ને કે,'બે ઘરનો પરોણો ભુખે મરે.'

તો પ્રશ્ન ઉઠે કે, આદર્શ કુટુંબ શું શક્ય નથી? હળી મળીને રહેતાં ભાંડુઓ અને મા-બાપની વધતી ઉંમર ઉજાળે એવાં ભાંડુઓ જો અપવાદરૂપ જ હોય તો કુટુંબની રચના અને વ્યાખ્યા સિમિત રહે, અને એ દિશામાં વિચારવા કોઈપણ મજબુર ન થાય તો જ નવાઈ!

આજનાં જમાનામાં એક જ સંતાન કે વધુમાં વધુ બે સંતાન હોવા એક સામાન્ય બાબત છે. 'નાનું કુટુંબ સુખી કુટુંબ'નો સરકારી નારો એ માની શારિરીક હાલત, સંતાનની માનસિક હાલત અને બાપની આર્થિક હાલતને માફક આવતી હોઈ, ઘર ઘરમાં અપનાવી લેવાયો છે.

અલ્પ સંખ્યામાં સંતાન હોય તો, મા-બાપ તેમનાં વિકાસ પ્રત્યે પુરતું ધ્યાન આપી શકે, આર્થિક રીતે સંતાનોનાં ઉછેરમાં કોઈ કચાશ ન રહે. પાંચ-સાત સંતાનોમાનાં એક એવાં મા-બાપ જે પોતાનાં બચપણમાં આર્થિક સંકડાશ અને અપુરતા ધ્યાન અને

માર્ગદર્શનને કારણે ન મેળવી શક્યા હોય તે દરેક અરમાનો, આવનારી પેઢીને સંપુર્ણપણે આપી શકે, તે માટે પણ કુટુંબ નાનું રાખે છે.

દરેક વ્યક્તિ સાથ-સહકાર ઝંખે છે. નાનાં કુટુંબોમાં સરખી ઉંમરનાં ભાંડુઓ ઘરમાં જ હોય તો 'કંપની' તેમને ઘરમાં જ મળી રહે અને બે સંતાનોનાં કુટુંબમાં બે ભાઈઓ, મિત્રની જેમ ઉછરી શકે. આ એક આદર્શ પરિસ્થિતિ છે. પણ ફક્ત થીયરીમાં. પ્રેકટીકલી શું આમ બને છે? સાંભળ્યું છે કે,'એક સંતાનના મા-બાપ 'માવતર ' પણ બીજું સંતાન થાય એટલે 'રેફરી' ના રોલ ભજવતાં થઈ જાય છે. ''મમ્મી! ભાઈએ આમ કર્યું.'', ''ભાઈ જોને મને આપતો નથી'' આ ફરિયાદો સામે ન્યાય તોલતાં મા-બાપ,'' જો બેટા, બધું વહેંચીને ખાવાનું'' કહી વાતનો નિવેડો લાવે પણ..... દરેક વ્યક્તિ પોતાની રીતે એકલો છે, તેને પોતાની જરૂરિયાતો છે. વહેંચીને ખાવું ભલે આદર્શ મુલ્ય કે સ્થિતી હોય, પણ એની ભુખ સંતોષાતી નથી તેનું શું? આ ભારેલો અગ્નિ ભાઈઓમાં 'હરિફ' જોતો થઈ જાય, મિત્રો અને સોબત બહાર શોધવા માંડે. એક જ ઘરમાં બે 'સિંગલ ચાઈલ્ડ'નો ઉછેર થાય અને થાય ભવિષ્યની 'હોળી'નાં મંડાણ. ધીરજલાલના ઘરમાં પણ કદાચ એમ જ થયું હોઈ શકે. આ જ 'હોળી' પછી ભવિષ્યમાં 'નાનાં ને કહેને, એ કરશે, શું મારા એકલાની જ જવાબદારી છે' એ હુંસા-તુસી હુતાશનિ બની કુટુંબનો સંપ અને શાંતિ ભરખી જાય અને 'બાગબાન' ભાગ 'અનેક' ની શરૂઆત થાય.

બે સમવયસ્ક, સગાં ભાઈઓ મિત્રો હોય એવું જવલ્લેજ જોવા મળે છે, તો આદર્શ કુટુંબની રચના કેવી હોવી જોઈએ? બે દિકરીઓ હોવી, માનસિક રીતે ઉછેર માટે થોડી સહેલી પરિસ્થિતી છે. પણ ભવિષ્યની આર્થિક જવાબદારીનું શું? અને બન્ને બહેનો વચ્ચે પણ હરિફાઈ નકારી તો ન જ શકાય. એક દિકરો, એક દિકરી અને મા-બાપ એ લગભગ આદર્શ કુટુંબ બની રહે. ભાઈ-બહેનમાં હરિફાઈની શક્યતાઓ પણ ઓછી હોય છે. પણ ઉપરવાળાની મરજી કંઈ દરેકને આ Luxury થોડી આપે છે?

એટલે જ, સંતાનમાં પોતાની અધુરી ઈચ્છાઓ સાકાર થતી જોવા, આર્થિક રીતે અને Attention ની દૃષ્ટિએ જવાબદારીઓને ન્યાય આપવાં, આજનાં મા-બાપ એક ઘરમાં 'એકજ' 'સિંગલ ચાઈલ્ડ' ઈચ્છે તો એને આજની શહેરી જીંદગીની પ્રેકિટીકલ લાચારી કે જરૂરીયાત કહી શકાય. દરેક પુખ્ત રીતે વિચારનાર વ્યક્તિ પોતાની ચાદરની લંબાઈ પ્રમાણે જ, પગ લંબાવતો હોય છે. ચાદરની લંબાઈ એ એના સંજોગો છે. એની ઈચ્છાઓ છે. પુરવાર થયા વગરની કોઈ પરિસ્થિતિ આદર્શ હોતી નથી અને પુરવાર કરવા પરિસ્થિતિ પસાર કરવી જ પડે. કુટુંબ કેવું અને કેટલું રાખવું એ અંગત બાબત છે અને સંજોગોને આધીન છે.

બાકી, તો દરેક બાળક અને વ્યક્તિને પોતાની આગવી ઓળખ છે અને જરૂરિયાતો છે. જેને 'સ્વાર્થ' એવું નામ આપી શકાય. 'સ્વાર્થ' એટલે પોતાની જરૂરિયાત. કંઈક ઈચ્છાઓ, અરમાનો અને મનોકામનાઓનું મુળ એટલે 'સ્વાર્થ' અંગત વિકાસ માટે 'સ્વાર્થ' અનિવાર્ય છે અને એ સહજ પણ છે. ભાઈમાં 'હરિફ' દેખાય તો 'સ્વાર્થ' બળુકો થઈ વિદ્રોહ કરે, અને જે 'હરિફ' નથી એ 'મિત્ર કે સંગાથી' સરળતાથી બને. દરેક વ્યક્તિ ઈચ્છાઓ અને અરમાનોના એક દંડીયા મહેલમાં કેદ છે, અને તેથી જ દરેક વ્યક્તિ 'સિંગલ ચાઈલ્ડ' જ છે. ઈચ્છા, સ્વાર્થ અને Ambition નું એક માત્ર સંતાન. આપણે સહુ છીએ 'એકલાં'.

- *ચેનત મોદી*

❖ ❖ ❖

# ઘરતીનો છેડો ઘર ઘર એક મંદિર

- *ઉષા શૈલેષકુમાર ધારીયા*

હાશ, ! આવી ગયા ઘરે, હવે શાંતિ. નાનું તો નાનું, આપણુ ઘર. ધરતીને છેડે જઈએ પણ ઘર વિના શાંતિ જ ન લાગે !

ટ્રીન ટ્રીન...હલો..કાલે અમારા ફલેટનું ઓપનિંગ છે. યા પૂજા રાખી છે સવારના દશથી રાતના નવ સુધી ..... જરુરથી આવી જજો.

આમ ઘર નવું બને, યા ઘરનું ખાત મૂહૂર્ત થાય, યા ઘરનું બારણું બેસાડે યા વાસ્તુ પૂજા કરે, અથવા ઘરે લગ્ન આવે ત્યારે ઘરમાં ગણેશજીની સ્થાપના થાય. શ્રી ગણેશજીનું કંકુથી ચિત્રણ દિવાલ પર અંકિત કરે. કથા પ્રસંગે ઘરમાં પૂજા થાય. ઘરને વેલ ડેકોરેટ કરીએ વળી શ્રી ઠાકોરજીનો ફોટો પણ દિવાલ પર ટીંગાવીએ. ઘર સ્વત: એક મંદિર જ છે. ઘરની છત આપણને સુરક્ષિત રાખે છે. હર મોસમમાં આપણને રક્ષણ આપે, ચાર દિવાલોને ઉપર છત, કહેવાતુ ઘર, એ ન હોય તો ? પ્રભુ છીનવી લે તો? ઘરમાં અતિથીઓનું સ્વાગત કરી શકીએ છીએ. વળી ભારતમાં ''અતિથી દેવો ભવ:'' આમ આપણું ઘર સ્વર્ગ સમુ બની રહે છે.

''ઘર ગોકુળિયું ને મન મંદિરીયું''...

હિરણ્યકશ્યપુએ ભકત પ્રલ્હાદને (દીકરા) પૂછયું કે કયાં છે તારો ''નારાયણ'' આ થાંભલામાં છે? કરીને તેને ગદાનો પ્રહાર કર્યોને થાંભલો ફાટયો અને પ્રભુજી નરસિંહનું રૂપ ધારણ કરી પ્રગટ થયા હતા. અને નહી ઘરમાં નહી બહાર ઉમંરા પર બેસીને તેમણે હિરણ્યકશ્યપુનો વધ કરેલો, અસ્ત્ર શસ્ત્ર વિના, આ દ્દષ્ટાંત પુરાણો છે છતાં ઘણું ઘણું કહી જાય છે. પ્રભુજી કયાં નથી ? નિર્જીવ થાંભલામાંથી પ્રગટ થયા, રજ રજમાં હર કણમાં, દુર હવાની ઝોકમાં, હર સૂર્ય કિરણમાં. હર બિંદુમાં નિર્જીવ અને સજીવ, પ્રભુ પરમ બ્રહમાંડનો અધિપતિ આપણા શરીરના નાનાશા હૃદયમાં વસે છે, એને ઘરના ગોખલામાં એ બિરાજે છે. આત્મા સો પરમાત્માં. બે નાની ઉમંરની બેનો વાતો કરતી હતી, કે મૃત્યુ પછી આત્મા કયાં જાય છે ? કેવી રીતે જાય છે? એને કોઈ જોઈ શકતું નથી? ઘરની વ્યકિત જરાવારમાં જ શૂન્યવત થઈ જાય છે? અને એનુ તાત્પર્થ એટલું જ જીવે છે ત્યાં સુધી આપણી ગતિ શકયમાન છે. બાળક જન્મે કે તરત જ તેની હલનચલન ગતિ શરૂ થયેલી ગતિ આત્મા વિલીન થઈ પરમાત્મામાં ભળી જાય છે. ત્યાં જ સુધી શરીર ગતિમાન રહે છે પછી અચેત થઈ જાય છે. પ્રભુ આપણી અંદર છે જીવ માત્રમાં છે, આગળ કહ્યું તેમ હર ચેતના અને જડતામાં પ્રભુ વસેલો છે.

વળી આપણાં પૂવજો પણ સાંજના સમયે સેન (શયન) ના દર્શન કરી પ્રભુજીને પોઢાઢવા માટે ઘરમાં રહેતા હોય છે. આ દરેક સેવા કરતી બેનો સમજે છે. અને જાણે છે. પ્રભુજીના વાળુ સમયે ગોધન પણ ઘર ભણી પાછુ વળે છે. સૂર્યનારાયણશ્રી પણ અસ્તાંચલમાં અસ્ત થાય છે અને આ સમયે પવન પણ તેની ગતિ રોકી રાખે છે કે પ્રભુજીના થાળમાં ધૂળ ન ઉડે અને આ સમયે એટલે ન સંધ્યા, ન રાત, ન દિન, અને એની વચ્ચેનો સમયને સંધિકાળને ગોરજ મૂહુર્ત કહે છે અને એને આપણે પૂજવો જ જોઈએ. ઘણી વખત લોકોને બોલતાં સાભળ્યા છે કે કાલનો સૂરજ આપણે જોઈ શકીશું કે નહી.? વળી સંધ્યા સમયે મંદિરમાં ઘંટારવ થાય. આરતી થાય એજ રીતે આપણે પણ પ્રભુજીની સંધ્યા સમયે ઘરમાં જ રહેવું જોઈએ જેથી ઘર એક પવિત્ર મંદિર બની રહે. ભગવાનશ્રીનો ઉપકાર વ્યકત કરવા

આર્ત હ્રદયથી દિપક પ્રગટાવી, જીવનનો અંધકાર દૂર કરી જીવનમાં પ્રભુજીની જયોતીથી અજવાળું પથરાય. એ વિનંતી સ્વર, શબ્દ, કે સુરમાં ગવાય એટલે જ આરતી. આર્ત હ્રદયનો પોકાર એજ આરતી, અને સંધ્યા આરતીને વધાવી લેવા ઘરમાંજ રહેવું જરુરી છે. વહેલી સવારે નાહીને કંકુથી ઉમરો પૂજવો જોઈએ, કે જેથી શ્રીનારાયણ અને શ્રી લક્ષ્મીજી ઘરમાં પધારે, તોરણ બાંધી રંગોળી પૂરી પ્રભુજીને ઘરમાં પ્રવેશવા આલ્વાન આપીને, અને ઘર એક મંદિર છે એ સાર્થક કરીએ. હવે એક અગત્યની વાત કે આવું સ્વીટ હોમ, સ્વર્ગ સમું ઘર દિવાલો અને છત જેમની પાસે ન હોય તેમને નાનું શું ઘર બનાવી આપવા પ્રથમ પ્રયાસ આદરી દેવો જરુરી છે. કરોડોની મિલ્કત આમ જ મૂકીને જવાનું છે. અને મરતાં મરતાં ય કદાચીત મિલ્કત જોવામાંને, મૂકીને જવામાં આંખો ખુલ્લી જ રહી જતી હશે. પ્રભુનું આપ્યુ ઘણુ ઘણું હોવા છતાં જેના દિલ કોડિયા જેવા હોય. દિલાવરી ન દાખવી શકે એવા લોકો સંચિત કર્મ બાંધી જાય છે અને બીજા જન્મ માં તેમના ઘરો ભૂકંપથી ભોંયદસ્ત બને યા તો તેમને પણ દશ હાથે લુટાવે છે. આ નક્કર સત્ય છે. આ પ્રભુજીનો મૂક ન્યાય છે. વળી લોકો મંદિરો પહોળા કરવામાં અને મોટા કરવામાં લાખોના ફંડ ભેગાં કરી શકે છે પણ જે લોકોને ઘરની છત નસીબ ન હોય તેમની વહાર કરવાને આગળ આવતાં જ નથી. જોકે વેરાસામાં બાંધેલા ઘર એ વાતનો પ્રતિકાર જરુરથી કરી શકે છે. આજે પણ બાલાસીનોરના ગામમાં લોકો જાજરુ જવા ગમે ત્યાં જાય છે. એમને નહાવા, પીરીયડમાં હોય ત્યારે પડતી અગવડતા અને બીજી આવી ઘણી જ અગવડતા ભોગવી રહ્યા હોય છે. આ ચિતાર પૈસાવાળાના હૈયા સુધી પહોંચે એવી અભ્યર્થના. આપણી જ્ઞાતીના ભાઈઓ હાઈસ્કુલની નજીક હરિજન આશ્રમ પાસે ગરીબ વિધવાઓ માટે સિંગલ રૂમોની ચાલ બાંધી છે. એ ભાઈનું ધનશ્યામભાઈ ત્રિવેદી નામ ખરેખર પૂજનીય, વંદનીય છે કે જેમના ફળદ્રુપ મગજમાં આવી ગંગા સ્વરૂપ બેનો અને એમના ગભરૂ બાળકો માટે આવી પ્રેરણાદાયી રૂમો બનાવવાની વાત સુજી છે.

વળી મોટી ઉંમરના લોકોએ પણ મંદિર તરફની દોડ ઓછી કરી ઘરમાં ગોખે બિરાજતા પ્રભુજીનું આરાધન કરવું જોઈએ. આંખોના તેજ અને શિથિલ થયેલા શરીરના અવયવો અને ખાડા ટેકરાવાળા રસ્તામાં શરીરથી પડી આખડી જવાય એ વિચારી, ઘર પાસેના, ગાર્ડન, કંપાઉન્ડ યા ટેરેસમાં આંટા મારી ઘરમાં જ સંધ્યા આરતી કરવી અને ઘરને મંદિર બનાવવું. આજનો યુવા વર્ગ તો બહારની દુનિયાની ભુલભુલૈયામાં આટવાતા પોતાના કાર્ય પંથે દોડતાં રહેતા હોય છે. પરંતુ ગૃહલક્ષ્મી અને વડીલો ઘરને જ મંદિર બનાવે સંસ્કાર દીપથી ઘરને ઉજાળે. ''પ્રભુજી તારા રંગ રૂપની બલીહારી'' તુતો ભલો શ્યામ, તોય તે સંધ્યાના રંગોની પૂરી રંગોળી''

**''ઉગતી ઉષાનાની લાલીમાં બિખેરીને રાત્રીની નિરવતાને સમેટી''**
**દીધો સંદેશ એક અનેરો ''શ્યામ રંગમેં સબ રંગ સમાયા''**
**''શ્યામ કો ઢુંઢન કહા કહાં જાઉ, પાઉ શ્યામ કો મન મંદિર મે,''**
**''જીવ ઘરકે ગોખમેં બીરાજે પ્રભુજી, વહી ઘર હૈ મંદિર''**
**''ગુન ગાન કરું આતે સ્વરસે ગાંઉ આરતી વહી શ્યામ કો પાઉં''**
**તારુ દીધુ તુજને અપર્ણ એજ મારી હ્રદયલક્ષી છે.**
**પ્રાર્થનાને અભ્યર્થના ''કહીં આપકી આઁખે ખુલ્લી ન રહે જાવે**
**દેખતે દેખતે છોડના પડે એ મહેલાતે'' તે મનકી મુરાદે**
**કરલો પૂરી અધુરી આશ કે બઢાઓ હર ઘરમેં હૈ એક શ્યામ!!!**

આપણી આટલી મોટી કાયાના માળખામાં હ્રદય એકલુંજ અવિરત ધકધક કરતુ રહે છે અને એજ નાનાશા હ્રદયમાં પ્રભુજી વસેલો છે, એવી જ રીતે પ્રભુજી તો ઘર ગોખે બિરાજે છે. આરામથી બેસે છે. જો ગરીબ

મજબૂર પ્રજાને આવશ્યકતા અનુસાર ઘરની છત બનાવી આપે એ મંદિર બાંધવા જેટલું મહાન કાર્ય છે. ખાલી હાથે જવાનું છે.? શીદને હાયકારો કરી પૈસા પૈસા કરતા રહેશો? ''પૈસો મારો પરમેશ્વર, હું પૈસાનો દાસ'' આ ઉકિતને જૂઠલાવી દો, દરેકને રહેવા જેવું ઘર મળે એજ વારંવારની અભ્યર્થના ! ધરતીનો છેડો ઘર અને ઘર એક મંદિર...Sweet Home

આપવાનું Dream બનાવો..મંદિર બાંધવા જેટલું પવિત્ર કાર્યછે. કરોડોની મિલકીયત ધરાવતા શ્રેષ્ઠી /

એ વિચારોને અમલમાં મૂકે એજ અભ્યર્થના.. શેરોની કમાણીને ગામડે સમાવો....

## તોહ સંગ લાગી પ્રીત

તોહ સંગ લાગી પ્રીત મોરે શ્રીજીસાંવરીયા
ગહેરા રંગ પ્રીતી મોરે શ્યામ સાંવરીયા
મનસુ વરીયાં માધવજી મોરે પ્રીતમ પ્યારા,,તોહ
ગઠ બાંધ્યા બંધન સાંતો જનમકે સાંવરીયા
ના મિંઢળ, ના છેડા છેડી મોરે શ્યામ સાંવરીયા..તોહ
હૈયાંસુ હૈયાની પીછાણ મોરે શ્યામ સાવરીયા
આંખ્યુએ પ્રીતીના આંજણની અંજની નૈન કજરાલા.. તોહ.
પૂજ પાંચો અંગુલીઓ મોરે પંચ પરમેશ્વર!
દાસી થાડે ચરણાંકી મોરે પ્યારે સાંજણીયા..તોહ
તોહ સંગ લાગી પ્રીત મોરે શ્રીજીસાંવરીયા

*- ઉષા એસ. ધારીયા*

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આ સાથે જણાવવામાં આવે છે કે જે કોઈને વ્હીલ ચેરની જરૂર હોય તે સંસ્થાના કાર્યાલય સમયે આવી લઈ જઈ શકે છે. જેની સંસ્થાએ નિયત કરેલ ડીપોઝીટ રૂા. ૫૦૦/- આપવાની રહેશે.

*લિ. મંત્રી - શ્રી પ્રદીપ કડકીઆ*

(આપણી શાળાની એક વિદ્યાર્થીનીએ લખેલી કવિતા ગમી ગઈ. આ સાથે પ્રસ્તુત છે)

## વિદાય વેળાએ.....

કદીક રિસાઈ જાઉં તો મનાવી લેજો,
ક્યાંય ચાલી જાઉં તો બોલાવી લેજો,
દર્દનો ઈતિહાસ લખાઈ ગયો છે આજે,
કોઈ શુભ હસ્તે સમાપન કરાવી લેજો

હાથમાં ફૂલોનો ગુલદસ્તો સોંપશો નહિ તમે,
બને તો બે આંસુ વહાવી લેજો,
મૃગજળ પીને ધરાઈ ગયા છે એ લોક.
કટોરો અમૃતનો મળે તો ફગાવી લેજો.
યાદ મારી રડાવી જાય જો આપને
તો બીજું શું કહું, માફ કરી દેજો.

*- કોમલ એ. ચાવડા*

## કયાં ગયો કાનો મારો

કયાં ગયો કાનો મારો(૨), પેલો મોરલીવાળો
રાધાનો દુલારો(૨) જશોદાનો જાયો (૨)
નંદનંદનનો લાડલો(૨) કાળો કામણગારો
સૌનો મતવાલો(૨) કયાં ગયો કાનો મારો(૨)
મોરમુગટને કાને કુંડલ, પગના ઝાંઝર ઝલકાવતો(૨)
માખણ મિશ્રી ખાતો(વ્હાલો) કયાં ગયો કાનો મારો (૨)
હાથમાં લઈ લાકડીને ઓઢી કાળી કામળીને
ચાલ્યો ગાયોનો ગોવાળિયો કયાં ગયો કાનો મારો...

*- ઈન્દુ રોહિત દેસાઈ*

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

શ્રી સુરેન્દ્રભાઈ આર. પરીખ તરફથી સંસ્થાને ૦૨ નંગ વ્હીલચેરનું માતબર દાન મળેલ છે. સંસ્થા શ્રી સુરેન્દ્રભાઈ તથા તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર માને છે.

*લિ. મંત્રી - શ્રી પ્રદીપ કડકીઆ*

# સાસુને 'મા' બનતા ના આવડે એમાં 'વહુ'નો શો.....દોષ ?

આપણા સમાજમાં સાસુ-વહુના સબંધ વિષે એક પૂર્વગ્રહ બંધાઈ ગયો છે. કે સાસુ વહુને હંમેશા હેરાન જ કરતી હોય છે અને હંમેશા ખરાબ જ વર્તન કરતી હોય છે. પણ બધી વખતે એ સાચું નથી હોતું. સમાજમાં પડેલી આ છાપ ભૂંસવી તો અઘરી છે પણ સાવ અશક્ય પણ નથી.

સાસુ વહુના સબંધ સુધારવા માટે સહકારની જરૂર છે. જો સાસુ-વહુને અને વહુ સાસુને સહકાર આપશે તો ઘરમાં સ્વર્ગ ઉભું થઈ જશે અને વડીલોના માટે યુવા પેઢીનો અણગમો દૂર થઈ જશે. એ સાચું છે કે સાસુ-વહુના લોહીના સબંધ નથી હોતા, વ્યવહારના હોય છે. પણ એ સબંધો જો મા-દીકરી જેવા હશે તો વહુને સાસરું વધુ ગમશે. દીકરી પરણીને આવે એટલે તો તુરતજ એક રાતમાં દીકરી વહુ બની જાય છે. પણ નવુ વાતાવરણ, નવા માણસો, નવા રીત રિવાજો એ બધુ રાતોરાતનો ના સમજાઈ જાય ને? તે શીખવા-સમજવા સમય જોઈએ.

સાસુ જો એવી આશા રાખે કે વહુ ઘરમાં આવે તેવી બધી જ જવાબદારી ઉપાડી લે તો તે એ શક્ય નથી, તેને ધીમી ધીમે ઘરકામમાં કે બીજી રીતે ખામી કાઢયા વગર પ્રેમથી જો શીખવવામાં આવે તો એ જરૂર કુશળ ગૃહિણી બની શકે. વહુને મેણાં ટોણાં મારવા બધં કરવા જોઈએ. કોઈ કામમાં ભૂલ થાય તો તરતજ સાસુમાં બોલે,'તારી મા એ શું શીખવ્યું છે ?' પણ મા જે ના શીખવાડી શકી તે તમે મા બનીને શીખવાડી દો તો....? આમ દરેક કામમાં ખામી કાઢશો અને જો બરાબર કામ પૂરું કરશે તો કહેશો વહુ જબરી છે ? તો પછી વહુ જાય ક્યાં ?

વહુને અજાણ્યા ઘરમાં બધાથી પરિચિત કરાવનારને વાતાવરણને અનુકુળ બનાવનાર ઘરમાં સાસુ જ એક એવી વ્યક્તિ છે પણ જો મા બનીને આ બધી વસ્તુ શીખવશોતો વહુની માનસિક સ્થિતી સારી રહેશે અને વધુ ઉત્સાહથી કામ કરશે. દા.ત. તમારી વહુ પિયરથી કાંઈ જ શીખીને નથી આવી તો તમે મહેણાં-ટોણા માર્યા વગર પ્રેમથી તેની સ્થિતી સમજીને કામકાજ શીખવશો તો એનું તમારી પ્રત્યે માન વધી જશે. આમ પણ દરેક કામમાં બધા નિપૂણ નથી હોતાં. દરેક વ્યક્તિમાં ગુણ-અવગુણ તો હોય છે.

આપણા સમાજમાં દીકરી ને વહુમાં ભેદભાવ છે ને એને જ કારણે ઘરમાં મહાભારત થતા હોય છે. દીકરી જો મોડી ઊઠે તો કાંઈ વાંધો નહી પણ વહુ પાંચ મિનિટ મોડી ઊઠી હોય તો ઘરમાં ઉથલપાથલ મચી જાય અને દિકરી તથા વહુ બન્ને ગૃહકાર્ય કરતી હોય હોય તો દીકરી કામ કરીને આવે તો થાકી જાય! અને વહુના થાકી જાય? કેમ તે માણસ નથી? દીકરી તથા વહુ વચ્ચે સમાન દૃષ્ટિ રાખો. દિકરીની જેમ જ વહુને પણ બેસાડીને પ્રેમથી બધુ શીખવાડી શકાય.

બીજી વાત, સાસુ જો મા બનવા તૈયાર હોય તો વહુ ને પણ દીકરી બનવાની તૈયારી રાખવી જોઈએ. તેને પણ સાસુ જોડે પ્રેમભર્યું વર્તન રાખવું જોઈએ. સાસુ કાંઈ શીખવાડે તો પ્રેમથી શીખવું જોઈએ. ભૂલ બતાવે તો ભૂલ કબૂલ કરી સુધારવી જોઈએ. તેમની સલાહ માનવી જોઈએ. તેમની પણ હવે ઉંમર થઈ. આટલા વર્ષો તો તેમણે જવાબદારી સંભાળી, તો હવે એ ભાર પણ જવાબદારી લઈ આપણે હળવો કરવો જોઈએ. આમ સાસુ-વહુના સબંધો એકબીજાના સહકાર તથા કુટુંબના સહકારથી પ્રેમભર્યા બની શકે. કુટુંબમાં પ્રેમભર્યું વાતાવરણ રહે કુટુંબના સંબધો સુધરે

તો સમાજ પણ તંદુરસ્ત બને અને સમાજ જો તંદુરસ્ત બનશે તો દેશ આગળ વધશે અને મજબુત થશે.

આપણે સમાજને તંદુરસ્ત બનાવવા સાસુ-વહુના સંબંધો સુધારવા જોઈએ. **સાસુ સાચા અર્થમાં 'મા' બને અને વહુ એ 'મા' ને 'મા' તરીકે સ્વાકારી 'મા' ની શિખામણ માથે ચઢાવે. સાસુ – વહુ આટલું સમજી જાય તો ઝઘડા-ટંટા કાયમ માટે બંધ અને ઘર સંસાર હરહંમેશા માટે મહેકી ઉઠે. દરેક ઘરમાં 'સ્મિત' નો વાસ થશે.**

*– અતુલ રતિલાલ દેસાઈ (દેડકી) 'અનજાન સ્મિત'*

## આટલું સમજો તો સારું

સાસુને માતા સમજીને નિહાળો,
વહુ બનવાની મજા આવી જશે!
વહુને દિકરી સમજીને રાખો,
સાસુ બનવાની મજા આવી જશે!
કરોડપતિની દોસ્તી કરી તો જુઓ,
ગરીબીનો અહેસાસ થઈ જશે!
ભિખારી સાથે ફરી તો જુઓ,
રૂપિયાની કિંમત સમજાઈ જશે!
પાપીની સંગત કરી જુઓ,
માનવતાની ખબર પડી જશે!
કોઈ ને શરાબ પીવડાવી જૂઓ,
પાણીની કિંમત સમજાઈ જશે!
દુ:ખીને ગળે લગાડી જુઓ,
જીંદગી જીવવાની મજા આવી જશે!
ભગવાનને પોતાના બનાવી જુઓ,
ભક્તિ કરવામાં રસ, પડી જશે!
કોઈ તમારું 'સ્મિત' છીનવી જાય ત્યારે જુઓ
'સ્મિત'ની કિંમત સમજાઈ જશે!
માતા-પિતાને ગુરૂની સેવા કરી જુઓ
ચારધામની યાત્રા ઘરમાંજ થઈ જશે!

# શ્રી બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન ઉપયુક્ત ટ્રસ્ટને નીચે મુજબ ન્યાસફંડ પ્રાપ્ત થયેલ છે.

૧. વાડાસિનોર પ્રગતિ સમાજ કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ......રૂા. ૧૦૦૦૦૦/-
૨. શ્રી જયેન્દ્ર વલ્લભદાસ ગાંધી તરફથી તેમના સુપુત્ર ચિ. નિકેશના શુભ લગ્ન તેમજ સી.એ.ની પદવી મેળવવાની ખુશાલીમાં...... રૂા. ૧૧,૦૦૦/-
૩. શ્રીમતી પન્નાબેન અજીત કાંતિલાલ શેઠ (હાલ અમેરીકા ખાતે) તરફથી.... રૂા. ૧૧,૦૦૦/-

ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યો ઉપર જણાવેલ દાતાઓનો હાર્દિક આભાર માને છે.

*– અસીત રમેશચંદ્ર દેસાઈ*

*– કિરીટ રમણલાલ કડકીઆ (મલમ), માનદ મંત્રીઓ*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

– ચિ. પ્રીયંકાના શુભ લગ્ન પ્રસંગે શ્રી રાજેશ બાબુલાલ ધારીઆ (સુમનબેન નાસીકવાળા) તરફથી રૂ. ૧૧,૦૦૦/- ના માતબર દાનનું વચન મળેલ છે.

– ચિ. નીમીષના શુભ લગ્ન પ્રસંગે ચી. રાજેશ નટવરલાલ કડકીઆ (નચૂક) તરફથી રૂા. ૨૨,૦૦૦/-નું વચન મળેલ હતું તે રકમ સંસ્થાને મળેલ છે.

– ચિ. નિકેતના શુભ લગ્ન પ્રસંગે શ્રી જયંતકુમાર ચીમનલાલ પરીખ તરફથી રૂા. ૧૧,૦૦૦/- નું માતબર દાન સંસ્થાને મળેલ છે.

સંસ્થા ઉપરોક્ત દાતાઓનો તથા તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર માને છે.

*મંત્રી : શ્રી પ્રદીપ કડકીઆ*



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

ગત માસના "You are what you eat' વિષય પરના વાર્તાલાપ દરમ્યાન શ્રીમતી અંજુબેન શર્માએ આપ સૌને માનવીના શારીરિક અંગોના કુદરતી સૌંદર્ય અને આહાર વચ્ચેનો સંબંધ ખૂબ જ સરળતાથી સમજાવ્યો. કાર્યક્રમ સફળ અને રસપ્રદ રહ્યો. પોતાના વિશેષ તો બહેનોના સૌંદર્ય અંગે કોણ સજાગ ન હોય ? કુદરતી આહારનું મહત્વ તેમણે ખૂબ જ રસપૂર્વક જણાવ્યું.

માનવ સર્જીત કુત્રિમ સૌદર્ય પ્રસાધનો કરતાં કુદરતી બનેલા ખાદ્ય પદાર્થો જેવા કે શાકભાજી, સલાડ, ફળફળાદી, ફણગાવેલા કઠોળ વગેરે વધુ લાભદાયી હોય છે. તે હાનીકારક તો નથી જ પરંતુ આડઅસરથી પણ મુક્ત છે.

પૃથ્વી પર ૭૫ ટકા ભાગમાં પાણી છે. આપણા શરીરમાં ૭૫ ટકા પાણી રહેલું છે. પાણી એ તો કુદરતે આપેલું અમૃત છે. દિવસના દશ થી બાર ગ્લાસ પાણી આપણું શરીર નિરોગી રાખે છે. તેવું એમનું કહેવું છે. પ્રયોગ સહેલો છે. અને ખાસ ખર્ચાળ પણ નથી. પ્રાણાયમ તેમજ યોગ અને કસરત પણ લાંબે ગાળે ફાયદાકારક હોવાનો તેમનો મત છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' આપણી કમનસીબી છે કે માનવીના સુખ અંગે સભાનતા કેળવનાર આ શ્રેષ્ઠ કહેવતનો ગૂઢાર્થ સામાન્ય રીતે બિમાર પડયા પછી જ સમજાતો હોય છે અને ત્યારે ઘણું મોડુ થઈ જતું હોય છે.

આપણી બહેનો જો આ વાર્તાલાપનો પોતાની તબીયત અંગેની સભાનતા કેળવવા ઉપયોગ કરશે તો આપણે કાર્યક્રમ યોજવાનો હેતુ સાર્થક થશે. આપ સૌની હાજરી જ કાર્યક્રમની સફળતાનો માપદંડ હતો.

આ માસમાં બુધવાર તા. ૨.૩.૨૦૦૭ના દિને યોજવામાં આવેલો 'હાઉસી' કાર્યક્રમ ખૂબ જ સફળતમ રહ્યો. લગભગ ૩૦૦ બહેનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં આવનાર બહેનોને હાઉસીની ટીકીટનો સેટ, પેન, પ્લાસ્ટીકનો ડબ્બો તેમજ નાસ્તો આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમ્યાન છૂટથી મોટી રકમના રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા. લગભગ ૬૦ બહેનો ઈનામના ભાગ્યશાળી થયા હતા.

આ કાર્યક્રમ મારા સંયોજક તરીકેનો છેલ્લો કાર્યક્રમ હતો. તમે બધાએ મોટી સંખ્યામાં ઉત્સાહથી ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવા માટે હું આપ સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું. તેમજ આવનાર વર્ષો આનંદમય પસાર થાય તેવી મારી શુભેચ્છા પાઠવું છું.

૨૦૦૫ થી ૨૦૦૭ ના આ બે વર્ષો શ્રી બાલાસિનોર નવયુવક સંઘ મહિલા વિભાગમાં મારા સંયોજક રૂપે હતા. સમય રેતની જેમ પસાર થતો હોય છે. સમય તો અનંત છે. ખરેખર તો આપણે જ પસાર થઈ જતાં હોઈએ છીએ. સંયોજક તરીકેની મારી મુદ્દત ૩૧.૩.૨૦૦૭ના દિને પુરી થાય છે. આપ સૌએ મહિલા વિભાગનું સુકાન એપ્રિલ ૨૦૦૫માં મને સોંપતા, આપનો અને શ્રી બાલાસિનોર નવયુવક સંઘના હોદ્દેદારો તેમજ મહિલા વિભાગની કમીટી

બહેનોના સાથ અને સહકારથી સારા કાર્યક્રમો યોજવાના તેમજ સંસ્થાનો હેતુ જાળવીને તેને વધુ ઉંચાઈએ લઈ જવાનો સંકલ્પ કર્યો હતો. તે માટેના પૂરતા પ્રયત્નો મારા તરફથી મેં કર્યા છે.

અને અંતમાં

જેની શરૂઆત હોય છે તેનો અંત ક્યારેક નેક્યારેક તો જરૂરથી હોય છે. અંત કદાચ અલ્પવિરામ, અર્ધવિરામ કે પૂર્ણવિરામ હોઈ શકે પરંતુ 'શો' કદી ખતમ થતો નથી. બીજા સંયોજકો આવશે અને સંસ્થાની પ્રવૃત્તિઓ આગળને આગળ ધપાવશે. આપ સૌ તેઓને પણ મને આપ્યોતેવો સાથ, સહયોગ અને સહકાર આપતા રહેશો. હવે આવનાર સંયોજક શ્રીમતી મીનોતી પંકજ શાહ પણ કુશળ છે. તેમને મારી ખૂબ ખૂબ શુભેચ્છા અને તેમની સંયોજક તરીકેની મુદતમાં આપણે મહિલા વિભાગ નવી ઉંચાઈઓ સર કરે તેવી આશા સાથે.....

*- નીના કડકીઆ*

---

માનવ શરીરના ભિન્ન ભિન્ન અંગોમાં સંગીતના સાતે સ્વરોનો પ્રભાવ છે. સંગીત માનવ હૃદયના ભાવોને, આનંદને, પ્રેમને પ્રગટ કરવાનું સુંદર માધ્યમ છે માટે જ આજના તનાવયુકત જીવનમાં હળવાશ અનુભવવા સંગીતનો સહારો લેવામાં આવે છે. રસ્તામાં ચાલતા કે પછી મુસાફરી કરતા ઘણાંને આપણે Head Phone દ્વારા સંગીત સાંભળતા-સાંભળતા જાણે કોઈ બીજા જ દુનિયામાં સફર કરતાં હોય, એવા ચહેરાના હાવભાવ સાથે નીહાળીએ છે. સંગીત માત્ર સાંભળવાથી જ જો આવી અનુભૂતિ થતી હોય, તો ગાવાથી કેટલો આનંદ આવે, તેની અનુભૂતિ આપણે સહુ કરીએ. મહિલા વિભાગ દ્વારા આયોજીત ગીત સંગીતના સુમધુર કાર્યક્રમ **'અંતાક્ષરી'** દ્વારા.

**તારીખ** : ૨૬ મી એપ્રીલ ૨૦૦૭, ગુરુવારે

**સ્થળ** : હાલાઈ લોહાણા મહાજનવાડી ત્રીજે માળે(લીફટની સગવડ છે) સી. પી, ટેન્ક કોર્નર પાસે.

**સમય** : બપોરે ૨.૦૦ વાગે

અંતાક્ષરીમાં ભાગ લેવા ઈચ્છતી બહેનોએ પાંચ જણનું ગ્રુપ બનાવવું અને રૂા, ૨૫ વ્યકિત દીઠ આપી, પોતાના નામ લખાવવાં જો આપ ગ્રુપ ન બનાવી શકો તો અમને આપના નામ લખાવશો અમે ગ્રુપ બનાવી આપવા જરૂરથી પ્રયત્ન કરીશું. કાર્યક્રમમાં પ્રેક્ષક તરીકે હાજર રહેનાર બહેનોએ રૂા. ૧૦ આપી પોતાના પાસ લઈ લેવા. કાર્યક્રમ બપોરે ૨.૦૦ વાગે શરૂ કરવામાં આવશે માટે ભાગ લેનાર બહેનોને ૧.૩૦ વાગે હોલ પર હાજર થઈ જવા વિનંતી

તારીખ ૨૦ મી એપ્રિલ, શુક્રવારે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ માં સંસ્થાની ઓફિસમાં વર્ષ ૨૦૦૭-૦૮ નું લવાજમ રૂા. ૧૦૦ લેવામાં આવશે તથા અંતાક્ષરી ના પાસ આપવામાં આવશે.

## ***આગામી કાર્યક્રમ:-***

તારીખ પાંચમી જૂન ૨૦૦૭ મંગળવારે પ્રેમપૂરી આશ્રમમાં ત્રીજે માળે A/C Hall અધિકમાસ નીમીતે 'નંદમહોત્સવ' ઉજવવામાં આવશે જેમાં શ્રી કૃષ્ણના ધોળ-પદ, ગીતો પર રાસ, ગરબા, નૃત્યનું આયોજન કરવામાં આવશે. ભાગ લેવા ઈચ્છતી બહેનો તથા બાળકોએ પોતાના નામ ગીત-ધોળ-પદના શબ્દો સાથે મિનોતી શાહને (૯૮૯૨૦૧૯૮૧૮) તારીખ ૩૦ મી એપ્રિલ ૨૦૦૭ સુધી લખાવી દેવા વિશેષ માહીતી આગામી અંકમાં

*- મિનોતી શાહ*
*સંયોજક-મહિલા વિભાગ*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# નોટબુક રાહત યોજના

ગત વર્ષની મુજબ ચાલુ વર્ષે પણ આપ સૌની જરૂરિયાત ધ્યનામાં રાખી બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ રાખવામાં આવેલ છે.

**કોલેજ (લોંગબુક) ૧૮૮ પેજ એક ડઝનના રૂા. ૮૫/- જમ્બો નોટબુક મોટી સાઈઝ ૧૮૮ પેજ રૂા. ૬૦/-**

**આ વેચાણ તા. ૨૦.૫.૦૭ રવિવારથી તા. ૬.૬.૨૦૦૭ રવિવાર સુધી રાખવામાં આવેલ છે.**

### શહેર વિભાગ

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦, અરદેશ દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**સમય** : સોમવારથી શનિવાર સાંજે ૭ થી ૮, રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦

### પરા વિભાગ :

૧) શાહ હેમેન્દ્ર રમણલાલ (ચકવા) : સી - ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ)
સમય - રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૨) પરીખ હીરાલાલ મણીલાલ (ડાબલી) : ૨૪/એ, કૈલાસ નગર, શંકરગલી, કાંદીવલી (વેસ્ટ)
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૩) દેસાઈ હિમાંશુ હરીશભાઈ : ૯/૧૨ ઘાસવાલા કમ્પાઉન્ડ, એમ.વી.રોડ, અંધેરી (વેસ્ટ),
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

***નોંધ :*** ચાલુ વર્ષે આપેલી પરીક્ષાની પરીણામની નકલ સાથે લાવવી જરૂરી છે. વહેલો તે પહેલોના ધોરણે નોટબુક આપવામાં આવશે.

*મંત્રી - પ્રદીપ કડકીઆ, સંયોજક : જીતેન્દ્ર પારેખ*

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
# નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો **તા. ૧.૫.૨૦૦૭ થી ૨૯.૫.૨૦૦૭** સુધી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગત સાથે આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

***નોંધ :*** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૧૦.૬.૨૦૦૭ ના રવિવારે સંસ્થાની ઓફિસમાં કરવામાં આવશે.

***સમય :*** ૧૦ થી ૧ જુના અરજીપત્રકો તથા તેમની ઝેરોક્ષ કોપી સ્વીકારવામાં આવશે નહીં. નવા અરજીપત્રકો સ્વીકારવામાં આવશે. ચાલુ વર્ષે આપેલી પરીક્ષાના પરિણામની નકલ અરજીપત્રક સાથે આપવાની રહેશે.

*મંત્રી - પ્રદીપ કડકીઆ, સંયોજક : જીતેન્દ્ર પારેખ*

# સ્પર્શનો જાદુ

*- (દિવ્ય ભાસ્કર રવિ.૨૧.૧.૦૭)*

આજકાલ દર્દીને ડૉકટર તો અડતા જ નથી. સ્ટોથોસ્કોપ પણ રાખતા નથી. દૂરથી વાતો કરીને તૈયાર ટીકડા લખી આપે છે. હ્રદયરોગના હુમલા પછી દર્દી બધાથી દૂર એરકંડિશન્ડ કોટડીમાં 'ઈન્ટેન્સિવ કેર' જેવું તદ્દન જૂઠું નામ આપેલા પલંગમાં એકલો એકલો કણસતો પડયો રહે છે. હજી તે મર્યો હોય તે પહેલાં જ તેને મડદું બનાવી દે છે. એને કારણે ઘરમાં મરે છે તેનાથી વધુ હોસ્પિટલોમાં ઘણા મરે છે - સ્પર્શની ભૂખથી. ગાયને વાછરડું અવતરે કે તરત વાછરડાને ગાય ચાટવા લાગે છે. વિજ્ઞાનીઓએ તારણ કાઢયું કે આફ્રિકા અને એશિયાના તાજા જન્મેલાં બાળકો યુરોપિયન બાળકો કરતાં ઓછું રડે છે. કારણ કે આફ્રિકન માતા તેના બાળકને સતત છાતી સરસું ચાંપીને રાખે છે. આજકાલ તો શહેરમાં ઘોડિયાં પણ રહ્યાં નથી. એ પછી હાલરડાં તો ક્યાંથી હોય? કઈ માતાને હાલરડું આવડે છે? હાલરડું એ બાળકના કાનને મળતું પ્રથમ મીઠું કાવ્ય હોય છે, જેની અસર ટ્રાન્કવીલાઈઝર જેવી હોય છે.

આજકાલ માનવીનાં શારિરીક કે માનસિક સ્પંદનો કે સંવેદનો બહેરાં અને બુઠ્ઠાં થઈ ગયાં છે. તેને સ્પર્શ દ્વારા જગાડવાં જોઈએ. રોજરોજ ચેનતવંતા બનવા માટે પોતાની પ્રિય વ્યક્તિ પાસે મસ્તકમાં તેલ નખાવીને માલિશ કરાવવી જોઈએ. ગાંધીજી ૭૦ની વયે ફૂલગુલાબી ચહેરો ધરાવતા કારણ કે તેમને માલિશ કરનારા અને સ્નાન કરાવનારી યૌવનવાળી શિષ્યાઓના હાથનો સ્પર્શ મળતો હતો. બર્નાર્ડ ગંથર નામના વિદ્વાને માલિશ અંગે કહ્યુ છે કે જો દરેક વ્યક્તિ તેમની બીજી વ્યક્તિને પ્રેમપૂર્વક રોજ અરધો કલાક માલિશ કરે તો દુનિયામાં યુદ્ધ ન થાય. અરે માલિશ ન કરે પણ જો પ્રેમાળ શબ્દોથી દિવસમાં એકબીજાનું અભિવાદન કરે કે પ્રેમાળ ભાષા બોલે તોય ઘણું છે. આવી પ્રેમાળ વાણીનો સ્પર્શ લેવા જ ઘણા આડા સંબંધવાળી સ્ત્રીઓ તેમના પ્રેમીઓ સાથે લાંબો વાર્તાલાપ કરે છે.

એલોપથીના પિતામહ હિપોક્રેટસે કહેલું,'ડૉક્ટરોએ મસાજની કળા શિખવી જોઈએ કારણ કે જડ થયેલાં અંગો મસાજથી મોકળાં થાય છે.' ડેઝમન્ડ મોરીસે 'મેન વોચિંગ' નામના પુસ્તકમાં શરીર- સ્પર્ષ વિષે આખું પ્રકરણ લખ્યું છે. હસ્તધૂનન હવે માત્ર વિધિ પૂરતું રહ્યું છે. મુસ્લિમો ઈદને દિવસે મોકળાશથી ભેટે છે. એશિયનો વહાલથી ભેટે છે. ઘણા આંકડિયા ભીડીને ચાલતા, હવે આવા સ્પર્શ ઓછા થયા છે. ડેઝમન્ડ મોરીસ કહે છે - યુરોપ - અમેરિકામાં અનાજ, ઘી, દૂધ અને બીજી સંપત્તિથી લોકોનાં પેટ ભરેલાં છે પણ અમારો પશ્ચિમનો માનવી સ્પર્શનો દુષ્કાળ ભોગવે છે.

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પો યોજવામાં આવેલ.

૧) **દશમો ચશ્મા કેમ્પ :** મુંબઈના કે. મનોહર એન્ડ કાું ના સહકારથી મફત આંખ તપાસી મફત ચશ્મા અંગેનો કેમ્પ બે ગામોએ રાખવામાં આવેલ. તા. ૧૦.૩.૨૦૦૭ના રોજ ગુંથલી ગામે ૫૨૫ તથા તા. ૧૧.૩.૦૭ના રોજ ગુંદેલા ગામે ૩૨૮ મળીને કુલ ૮૫૩ ચશ્માનું મફત વિતરણ કરવામાં આવેલ છે.

૨) **૭ મો શ્રી નવિનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીઓ અને કૃત્રિમ હાથ પગ (જયપુર ફૂટ) કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૧૬.૩.૦૭ના રોજ કૃત્રિમ હાથ પગ કેમ્પ રાખવામાં આવેલ. તેમાં કુલ ૧૪ દરદીઓનું નિદાન કરવામાં આવેલ છે. અને જયપુર ફુટ બનાવવા અંગેના માપ લઈને બનાવવામાં આવશે.

૩) **ત્રીજો ડાયાબીટીસ કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૧૮.૩.૦૭ના રો જ ત્રીજો ડાયાબિટીસ કેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ડૉ. શિશિર ગાંધી (એમ.ડી.મેડીસીન, ફીજીશીયન) તેમજ આઠ ડૉકટરોની ટીમ અત્રે આવેલી અને તેઓની સેવાઓ મળેલ. કુલ ૯૪ દરદીઓનું રજીસ્ટ્રેશન થયેલું અને તે પૈકી ૮૪ દરદીઓને તપાસ્યા હતા. ૭૦ દરદીઓના પગની નસોના ટેસ્ટ કરવામાં આવેલ. તે પૈકી ૨૦ દરદીઓ હાઈ રીસ્ક, ૧૫ મોડરેટ, ૨૦ માઈલ્ડ તેમજ ૧૫ નોર્મલ હતા. કુલ ૨૫ દરદીઓના ઈ.સી.જી. કરવામાં આવેલા, ૫૧ દરદીઓના પેથોલોજી ટેસ્ટ કરવામાં આવેલા, ૭૦ દરદીઓને ૭ દિવસની દવા મફત આપવામાં આવેલ હતી. આ કેમ્પમાં કુલ માફી રૂા. ૪૭૪૫.૦૦ ની કરવામાં આવેલ છે.

૪) **લીલાબેન કીર્તનલાલ દોશીને નેત્ર વિભાગ :** આ વિભાગમાં તા. ૪.૧૦.૦૬ થી તા. ૧૪.૩.૦૭ દરમ્યાન આંખના સર્જન ડૉ. અરૂણભાઈ ભદેએ આંખના કુલ ૨૩૨ ઓપરેશનો કરેલા છે. તે પૈકી ફેકો મશીનથી ૫૦ ઓપરેશનો કરવામાં આવેલ છે. બાકીના મોતીયાના દરેક ઓપરેશનો નેત્ર મણી મૂકીને કરવામાં આવેલ છે.

૫) **બાલાસિનોર નાગરીક સહકારી બેંક ઓર્થોપેડીક વિભાગ :** આ વિભાગમાં એપ્રિલ ૨૦૦૭ થી ફેબ્રુઆરી ૨૦૦૭ દરમ્યાન કુલ ૨૦૫૧ દરદીઓએ લાભ લીધેલ છે. મેજર તથા માઈનોર મળીને કુલ ૧૯૮ હાડકાનાં ઓપરેશનો કરવામાં આવેલ છે.

૬) **ઈચ્છાબેન મણીલાલ શાહ (ઝાટ) ઓપરેશન થીયેટર પુનર્રચના સ્વ. પ્રવિણચંદ્ર મણીલાલ શાહ (ઝાટ) ના પરિવાર તરફથી રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાળા) મણીબેન સારંગી ઓપરેશન થીયેટર.** માહે એપ્રિલ ૨૦૦૬ થી ફેબ્રુઆરી ૨૦૦૭ દરમ્યાન મેજર ૪૧૮ અને માઈનોર ૭૦૦ મળીને કુલ ૧૧૮૧ ઓપરેશનો કરવામાં આવેલ છે.

૭) **પૂનમચંદ ચંદુલાલ શાહ (કડકીઆ) ઈમરજન્સી વિભાગ :** આ વિભાગમાં માહે એપ્રિલ ૨૦૦૬ થી ફેબ્રુઆરી ૨૦૦૭ દરમ્યાન કુલ ૧૩૭૧ દરદીઓએ લાભ લીધેલ છે.

૮) **મણીલાલ ચંદુલાલ પરીખ એક્ષરે વિભાગ :** આ વિભાગમાં માહે એપ્રિલ ૨૦૦૬ થી ફેબ્રુઆરી ૨૦૦૭ દરમ્યાન કુલ એક્ષરે ૪૯૯૭ અને દાંતના એક્ષરે ૧૦૧ પાડવામાં આવેલ છે.

૯) **શ્રી ગોકુલનાથજી મંદિર રજત જયંતિ ઉત્સવ હેમોગ્લોબીન વિભાગ :** આ વિભાગમાં માહે એપ્રિલ ૨૦૦૬ થી ફેબ્રુઆરી ૨૦૦૭ દરમ્યાન કુલ ૧૫૩૩૦ ટેસ્ટ કરવામાં આવેલ છે.

૧૦) **શાંતાબેન કંચનલાલ છોટાલાલ ગાંધી બ્લડ બાયોકેમેસ્ટ્રી વિભાગ :** આ વિભાગમાં માહે એપ્રિલ ૨૦૦૬ થી ફેબ્રુઆરી ૨૦૦૭ દરમ્યાન કુલ ૮૯૧૮ ટેસ્ટ કરવામાં આવેલ છે.

## બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં ઓપરેશન મિતી યોજના હેઠળ બાલાસિનોર એશોસીયેશન ઓફ અમેરિકાના સહકારથી નીચે કુલ્લે રૂા. ૪૬૧૬૩૫.૦૦ મુજબના દાતાઓ તરફથી કુલ્લે રૂા. ૪,૬૧,૬૩૫.૦૦ દાન મળેલ છે. એક /-મીતી રૂા. ૭૫૦૦.૦૦ પ્રમાણે

પરીખ સમીર નટવરલાલ (ડાબલી)
પરીખ કૌશિક પુનમચંદ (રોકડીયા) - ૪ મીતી
ધારીઆ શશીકાંત મોહનલાલ (કુણીવાલા)
ધારીઆ ફાલ્ગુન રજનીકાંત - ૪ મીતી
ગાંધી જીજ્ઞેશ મધુસુદન
શાહ હિતેશ એન્ડ નિમીષા
શાહ પ્રકાશ ચીમનલાલ (નગર શેઠ)
મોદી રાજીવ રમેશ (શહેરાવાળા)
ધારીઆ કુર્તિશ કાંતિલાલ (અમદાવાદવાળા)
ધારીઆ દિપક મોહનલાલ (કુણીવાલા) - ૨ મીતી
ધારીઆ સુરેશ મણીલાલ
શાહ સચીન કીરીટકુમાર (એફણી)
ગાંધી અમીત રાજેશ (મેનપુરાવાળા)
મોદી યોગેશ ઓચ્છવલાલ (ઠાસરાવાળા)
દેસાઈ સંદીપ જે. - ૨ - મીતી
મહેતા રાજીવ એન્ડ વીમી
મોદી અમીત અજીત
શુભેચ્છક દાતાઓ ૭ - મીતી
દોશ અનુજ પ્રવિણચંદ્ર
દેસાઈ વિરલ યોગેશ
ધારીયા હેમાંક બાબુલાલ (ઓલ્લા)
અમીન નવીનચંદ્ર એન.
ધારીઆ રીતેન
પરીખ મીતુલ પી. (ગુંથરીવાળા)
મોદી ઉમેશ મણીલાલ (ચેપ)
સોલંકી ઉપેન્દ્ર દયારામ
ધારીઆ અરવિંદ મોહનલાલ (કુણીવાલા)
શાહ શુભાંગ રમેશ (ચાનકી)
કડકીયા શૈલેષ નવનીતલાલ (બનડા)
પરીખ ઉર્ષિત કીરતનલાલ (મોટરવાલા)
દોશી ડૉ. રાજેશ
પટણી મધુસુદન
શાહ અનિલ કાંતીલાલ (એફણી)
કડકીયા સતિષ કાંતિલાલ (ધરીવાળા) - ૮ મીતી
કડકીયા નિલેશ જયંતિલાલ મરઘા - ૨ મીતી
શાહ રમેશ સી. (ચાનકી) - ૨ મીતી
શાહ દીલીપ મોહનલાલ (વસનજી) - ૨ મીતી

સંસ્થાવતી એસોસીયેશનના હોદ્દેદારોનો તથા કાર્યકર્તાઓને આભાર.

***મંત્રીઓ***
***રાજેન્દ્ર દેસાઈ, ધીરૂભાઈ શેઠ***

### લગ્ન પ્રસંગે નોંધાયેલ દાન વચનની યાદી

૧. શ્રીમતી ઝરણા અને શ્રી રશ્મીકાંત કિર્તનલાલ પરીખના સુપત્ર ચિ. ઓજસના લગ્ન પ્રસંગે
રૂા. ૩૩,૦૦૦/-
૨. શ્રીમતી પારુલબેન અને શ્રી જતીનભાઈ નવનીતલાલ મોદી (ચૌધરી)ની સુપુત્રી ચિ. ઈશીતાના લગ્ન પ્રસંગે
રૂા. ૨૨,૦૦૦/-
૩. વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ
રૂા. ૧૧,૦૦૦/- તથા
રૂા. ૧૧,૦૦૦/- પ્રગતિ મંડળમાં



# શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) પુરુસ્કૃત ટેલીફોન ડીરેકટરી ૧૦મી આવૃત્તિ

## જાહેર ખબર બાબત સુધારો

Well Wisher "STRIP" on each page આ જાહેર ખબરમાં વ્યક્તિનું નામ અને જે જે શ્રી ગોકુલેશ આવશે. આગળ લખ્યું હતું પરંતુ ટેલીફોન નંબર પ્રીન્ટ કરવામાં નહી આવે એની નોંધ લેશો. અને આ જાહેર ખબર ફક્ત વ્યક્તિના નામે લેવાશે (FIRM) કંપનીના નામે નહી લેવાય.

ટેલીફોન ડીરેકટરીનું પ્રીન્ટીંગનું કામ ચાલુ થઈ ગયું છે. હજુ પણ ડમીમાં નામ ન આવ્યું હોય એમણે પોતાનો ફોન નં. તથા મોબાઈલ નંબર સંયોજક તથા મંત્રીને જણાવી દેવા. જેથી આ બુકમાં અમે પ્રીન્ટ કરી શકીએ.

ટેલીફોન ડીરેકટરીની 'ફાઈનલ ડમી' બુક તા. ૧૦.૪.૨૦૦૭ થી તા. ૨૦.૪.૨૦૦૭ તથા તા. ૮.૫.૨૦૦૭ થી ૨૫.૫.૨૦૦૭ સુધી નીચે જણાવેલ એડ્રેસ ઉપર મુકવામાં આવશે. તો દરેક જણને પોતાનો નંબર ચેક કરી લેવા વિનંતી. પછી ભૂલચૂક રહેશે તો સંસ્થા જવાદાર નથી.

૧) પ્રગતિ સમાજની ઓફિસ, કાલબાદેવી
૨) શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફિસ
૩) શાહ એન્જી કું., ૬૪, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ- ૩.
૪) ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોર્પો. - ૧૭ દેવકરણ મેન્શન, લુહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
૫) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) સંયોજક : સી/૩૦૨, સુમેર નગર, એસ.વી. રોડ, બોરીવલી (વેસ્ટ)

નોંધ : ટેલીફોન ડીરેકટરીની ડમી બુક આપણી શ્રી બાલાસિનોર નવયુવક સંઘની Web site : www.balasinor.org ઉપર દરેક જણ પોતાનો ટેલીફોન નંબર જોઈ શકશે. ખોટો હોય તો સંસ્થાના Email : vadsol@balasinor.org અથવા સંયોજક શ્રી હેમેન્દ્ર શાહના Email : shahsafe@mtnl.net.in ઉપર mail કરી જણાવી શકશો.

ઘરે બેઠા કોમ્પ્યુટર દ્વારા તમે રીપ્લાય આપી શકશો.

*સંયોજક - હેમેન્દ્ર શાહ - ૨૮૦૫૦૭૩૫ /૯૮૨૦૦૧૧૫૮૬*
*મંત્રી - પ્રદીપ કડકીયા - ૨૨૦૧૮૩૨૬ /૯૮૧૯૩૮૯૪૮૪*

# Cricket News

**Poonamchand Bera, Double wicket tournament in** final Niten Parikh & Pappu Shah was defeated Apurva Mody & Kinjal Parikh

**Jansathi Trophy Year 2006-2007**

This year Jansathi Trophy 2006-07 final was played on 18.3.07 Sunday ot Wilson College Gymkhana. Batting fisrt Kinjal Parikh's team made 335 Runs of 40 overs. Dipen Mody made 80runs & Sandeep Dharia made 44 runs, in bowling Mitesh Dharia took 7 wickets. Bowling second Shiten Kadakia's team made only 258 runs. Niren Dharia made 88 runs & Nirmay Shah made 33 runs. Sandeep Dharia took 6/33 runs. This way Kinjal Parikh won Jansathi Trophy 06/07. Memento was given to the winning team by Comitee members in ab sence of office bearer Donor. Throughout the tournament service of & Umpire & Scorer were taken from outside & all the palyers love enjoyed playing the Cricket in true spirit. **(We observed 2 minutes silence on the sad demise of one of our young cricketer - Anish Umesh Desai)**

## ''શ્રીજી''

સુખ દુખકા દો પૈયા, શ્રીજી
કભી અલગ ના હોવેગા, શ્રીજી
કભી અલગ ના હોવેગા,
જૈસી કરની કરેગા જગમે,
વૈસા ફલ પાવેગા, શ્રીજી
વૈસા ફલ પાવેગા..————-(૧)

રાતદિન શ્રીજીને બનાયા,
કભી અલગ ના હોવેગા, શ્રીજી
કભી અલગ ના હોવેગા.
જનમ મરણકા ખેલ રચાયા,
કભી જુદા ના હોવેગા, શ્રીજી
કભી જુદાના હોવેગા —-(૨)

પૈસા, પૈસા કરત મનવા,
કયા સંગ લે જાવેગા, શ્રીજી
કયા સંગ લે જાવેગા,
ગુમાન કયુ કરત રે મનવા,
અહી છોડકે જાના, શ્રીજી
અહી છોડકે જાના –(૩)

હો શકે, કર ભલા કીસીકા
કરમ સંગ આવેગાૅ, શ્રીજી
કામ તોરે આવેગા,
આજ નહી, અભી ના કરના
કલ કભીના આવેગા, શ્રીજી
કભી કરના પાવેગા————-(૪)

*''ચાંદશા'' - ચંદ્રકાંત શાહ (ચટઈ)*

# 'જ્યૌતિ પુંજ' (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
'જ્યોતિ પુંજ' પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | | |
|---|---|---|
| ૧) | **પ્રકાશનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| ૨) | **પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| ૩) | **મુદ્રક અને પ્રકાશકનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| | **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| ૪) | **તંત્રીનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| ૬) | **જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, નિખિલ બાબુલાલ પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ તા.૧૫.૩.૨૦૦૭ (સહી) : નિખિલ બી. પરીખ**
**પ્રકાશક : ''જ્યોતિ પુંજ''**

# શ્રી કેદારેશ્વર મહાદેવ ટ્રસ્ટ

વાડાસિનોરના મૂળ વતનીઓ દેવયોગે બહારગામ ધંધાર્થે ગયા પણ પ્રત્યેકનો વતનપ્રેમ, અગમ્ય, અગોચર, ખેંચાણ દૈવી સત્તાની માદરે વતનમાં આવે જ છે.

પ્રેરણાથી વાડાસિનોર આ વિસ્તારના શિવાલયો કે જે પુરાણકાળથી પણ પુરાણં છે ત્યાંથી ઉપરોક્ત પ્રેરણાનો દૈવી ઝરો સતત વહ્યા કરે છે. નગરથી ૧.૫ કિલોમીટર દુર પવિત્ર શ્રી કેદારેશ્વર મહાદેવ આવેલું છે. આ સ્થળની રમણીયતા અને અદ્ભુત અનુભૂતિઓ તો વાડાસિનોર વિસ્તારમાં આવનાર દરેકને અવાર-નવાર થાય છે.

આશરે ૧૨૦૦ વર્ષ આ પુરાણુ સ્વયંભૂ શિવાલયમાં હજુ સુધી જોઈએ તેટલો વિકાસ થયો નથી અને તેના પરિસરના વિકાસમાં વાડાસિનોરવાસીઓ તન-મન-ધનથી રસ લેતા જ રહ્યા છે.

છેલ્લા ૨૫૦ જેટલા વર્ષ દરમ્યાન સ્વ. લેબજીભાઈ ગાંધી નામના પરમ ભગવતી વૈષ્ણવે એ વિસ્તારના વિકાસનો પાયો નાખ્યો હતો. આશરે ૧૨૦૦ વર્ષ પહેલાના સોલંકીના મધ્યયુગમાં જાતે જ પ્રગટ થયેલ શ્રી કેદારેશ્વરનું સ્વયંભૂ શિવજીનું બાણ ઉપર જે તે વખતના સિધ્ધ પુરુષો, રાજવીઓ, નગરના શ્રેષ્ટીઓએ આ શિવાલય ખુદ શિવજીના બાણ ઉપર બાંધેલુ અને કાળક્રમે અવારનવાર તેનો જીણોધ્ધાર થતો રહ્યો છે,જેનું કામ હજુ સુધી ચાલુ જ છે.

અત્યાર સુધી નવીનીકરણમાં થયેલ કામગીરી નીચે મુજબ છે. અમારો પ્રયત્ન આ સ્થળને મિની મહાબળેશ્વર બનાવવાનો છે.

સાંસદ માન. શ્રી ભૂપેન્દ્રસિંહ સાલંકી, ધારાસભ્યો શ્રી રાજેશભાઈ પાઠક, નગરપાલિકાના જેતે સમયના પ્રમુખશ્રીઓનો સંપુર્ણ સહયોગ મળતો રહ્યો છે.

## થયેલ કામગીરી

કેદારેશ્વર મહાદેવની પવિત્રતા તથા પર્યાવરણની જાળવણી થાય, વરસાદ પાણીનો સંગ્રહ થાય. બહારગામથી મુલાકાતીઓને શહેર જેવી આધુનિક સગવડો સહિતની નિવાસની વ્યવસ્થા મળે, સામાજીક ધાર્મિક કે અન્ય પ્રસંગો જેવા કે લગ્ન પ્રસંગ, સેમિનાર, ધાર્મિક પ્રવચન, ધાર્મિકપૂજા, ધાર્મિક ક્રિયા વગેરે માટે વિશાળ જગા મળી રહે તે સાથે પવિત્ર ધાર્મિક સ્થળનું સાનિધ્ય, કુદરતી સૌદર્ય માળવાની મજા પણ મળે તે માટે નવિનીકરણનો પ્રારંભ ૧૬ મી ઓગસ્ટ, ૨૦૦૩ થી શરૂ થયો.

પ્રથમ તબક્કામાં ૭૦ x ૩૦ ફુટનું બાંધકામ મહાદેવના પ્રવેશદ્વાર બહાર પૂર્ણ થયેલ છે. શિવાલયને મધ્યમાં રાખી ૪૦૦૦ ચોરસફુટના વિશાળ ચોકમાં ફ્લોરીંગનું કામ પૂર્ણ થયેલ છે.

સંપૂર્ણ સુવિધા- કે જેમાં એક કુટુંબ આધુનિક સગવડ સાથે રહી શકે તેવી રસોડું-સંડાસ-બાથરૂમ સાથેના સાત બ્લોક ૩૫૦ સ્કેવર ફુટના દાતા મળતાં પુર્ણતાના આરે છે. શ્રી ગોપાલદાસ પૂનમચંદ પરીખ (તાતીયા) તથા અન્ય દાતાઓ તરફથી મળેલ દાનની રકમનો ઉપયોગ થયો છે.

પરંતુ હવેના આયોજન માટે મોટી રકમની જરૂરીયાત છે. આ માટે ઉદાર દિલ દાતાઓને સહયોગ સેવા આપવા નમ્ર અપીલ છે.

**આ સ્થળને મીની મહાબળેશ્વર બનાવવા માટે અમારે નીચે મુજબની આપ સૌ પાસેથી સેવાની જરૂર છે**

**૧.** ૧૧ બ્લોક બનાવવાનું આયોજન થઈ રહ્યું છે. પ્રથમ માળે ૪૦૦ સ્કેવર ફુટના બ્લોકમાં રસોડુ, સંડાસ-બાથરૂમની સગવડ સાથેના બ્લોક માટે એક બ્લોકના રૂા. ૧ લાખ ૨૫ હજાર (સવા લાખ) ના દાતાની સેવાની જરૂર છે. દરેક દાતાના નામની તકતી-ફોટો બ્લોક પર મુકવામાં આપશે.

**૨.** કેદારેશ્વર મહાદેવના પ્રવેશદ્વારને વધુ આર્કષક બનાવવા માટે બે ગેટ ઈન અને આઉટ બનાવવાના છે. મુખ્ય પ્રવેશદ્વાર માટે રૂા. બે લાખના દાતા તથા બીજા ગેટ માટે રૂા. ૧ લાખ ૫૧ હજારની સેવા આપનાર દાતાઓની સેવાની જરૂર છે. દાતા કે દાતા કહે તે નામ પ્રવેશદ્વાર, આઉટ ગેટ પર લખવામાં આવશે.

**૩.** કેદારેશ્વર મહાદેવના પ્રવેશદ્વાર દરવાજાથી શરૂ થતાં મેદાન કમ્પાઉન્ડમાં બે સુંદર બગીચા - ગાર્ડન બનાવવાનું આયોજન છે. આ માટે રૂા. ૧,૨૫,૦૦૦ ની સેવા આપનાર દાતાની અર્ધપ્રતિમા મુકવામાં આવશે. બન્ને બગીચા માટે અલગ અલગ દાતાઓની સેવાની જરૂર છે. પ્રતિમાં તકતી દાતાએ બનાવી આપવાની રહેશે.

**૪.** બગીચાની શોભા વધારવા માટે બે ફુવારા બનાવવાના છે. આ બન્ને ફુવારા માટે અલગ દાતાઓની જરૂરીયાત છે. દરેક ફુવારા માટે અલગ અલગ રૂા.૧ લાખ ૨૫ હજાર ની સેવા આપનાર દાતાના નામની તકતી ફુવારા પાસે મુકવામાં આવશે.

**૫.** બગીચો, ફુવારો તથા બ્લોકમાં રહેનાર પ્રવાસીઓ માટે પાણીની સગવડ મળી રહે તે માટે ઓવર હેડ પાણીની ટાંકી બનાવવાનું આયોજન છે. આ માટે રૂા. ૧ લાખ ૨૫ હજાર ની સેવા આપનાર દાતા કે તે કહે તે નામની તકતી મુકવામાં આવશે.

**૬.** કેદારેશ્વર મહાદેવની હાલની ભોજનશાળા વધુ સગવડવાળી બને તે માટે જીર્ણોધ્ધાર કરી આધુનિક સગવડવાળી બનાવવાની છે. તે માટ રૂા. ૩ લાખની સેવા આપનાર દાતા કહે તે નામ સંપૂર્ણ ભોજનાલયના સંકૂલ સાથે જોડવામાં આવશે.

**૭.** શિવાલય સામેના ભાગમાં પ્રથમ માળે રૂમ બનાવવા માટે રૂા.૫૧,૦૦૦/-ની સેવા આપનાર દાતાનું કે દાતા કહે તે નામ/ફોટો મુકવામાં આવશે.

**૮.** મંદિરના પુજારી માટેના નિવાસ સ્થાન માટે રૂા.૫૧,૦૦૦ની સેવા આપનાર દાતાનું નામ કે તે કહે તેમનું નામ લખવામાં આવશે.

**૯.** ચોકીદાર રૂમ માટે રૂા. ૩૧,૦૦૦/-આપનાર દાતાનું / કે દાતા કહે તેમનું નામ લખવામાં આવશે.

**૧૦.** કેદારેશ્વરના વિકાસ માટે કાયમી વહીવટ કાર્યાલય બનાવવાનું છે. જે માટે રૂા. ૫૧,૦૦૦ની સેવા આપનાર દાતાનું નામ/ફોટો કે દાતા કહે તેમનું નામ લખવામાં આવશે.

**૧૧.** સ્મશાન ગૃહની હદ પૂરી થતાં શરૂ થતા કેદારેશ્વર મહાદેવ કોમ્પલેક્ષ(પરિસર) ના વિશાળ પ્રવેશદ્વાર માટે રૂા. ૫,૦૦,૦૦૦ની સેવા આપનાર દાતા અથવા દાતા કહે તેમનું નામ જોડવામાં આવશે.

**૧૨.** મુખ્ય શિવાલય-મહાદેવના જીર્ણોધ્ધારનું આયોજન થઈ રહ્યું છે. આ માટે રૂા.૧૫ લાખની સેવા આપનાર દાતાની જરૂર છે. આ માટે દાતાના સુચનો પણ આવકાર્ય છે. આ જીર્ણોધ્ધાર માટે એક થી વધુ દાતાઓના ફોટા, તકતી અગર દાતાઓ કહે તે નામની તકતી મુકવામાં આવશે.

**૧૪.** સંત/મહાત્માના ઉતારા માટે આશરે ૫૦૦ ચો. ફુટનો બ્લોક બાંધવાની આયોજન છે અને તે બ્લોક માટે રૂા.૨,૦૦,૦૦/- ની સેવા આપનાર દાતાનું નામ-ફોટો અથવા દાતા કહે તેમનું નામ-ફોટો મુકવામાં આવશે.

**૧૫.** કાયમી ધોરણે અન્નક્ષેત્ર કેદારેશ્વર મહાદેવ ખાતે ચલાવવાનું આયોજન છે. આ અન્નક્ષેત્ર માટે રૂા. ૧૦,૦૦,૦૦૦/- ની સેવા આપે તે દાતા કે દાતા કહે તેમનું નામ-ફોટો-તકતી જેતે સ્થળે મુકવામાં આવશે.

**૧૩.** પ્રત્યેક રૂમમાં જરૂરી ફર્નિચર ઉપકરણો વસાવવા માટે રૂમ દીઠ રૂા. ૨૫,૦૦૦ની સેવા આપનાર દાતાની તકતી મુકવામાં આવશે.

**૧૬.** ધાર્મિક પૂજા તથા ધાર્મિક કાર્યો માટે આ પવિત્ર સ્થળનો ઉપયોગ જેટલો વધુ થાય તેટલો આવકાર્ય છે. જે માટે નીચે પ્રમાણે આયોજન વિચારાયું

છે અને તે મુજબ દાતાઓની સેવાની જરૂર છે.

**૧.** વર્ષમાં એક દિવસ દાતા કહે તે કોઈપણ એક **કાયમી તિથી**એ મંત્રોચ્ચાર પૂજા(સાદી પૂજા) રૂા.૫,૦૦૧/-

**૨.** વર્ષમાં એક દિવસ દાતા કહે તે કોઈપણ એક **કાયમી તિથી**એ રૂદ્રી બ્રાહ્મણો દ્વારા રૂા. ૧૧,૦૦૧/-
(રૂદ્રીનો બીલી પ્રસાદ દાતાને આપવામાં આવશે.)

૩. વર્ષમાં એક દિવસ દાતા કહે તે કોઈપણ એક **કાયમી તિથી**એ લઘુરુદ્ર ષોડશોપ્રચાર પૂજા રૂા. ૨૫,૦૦૦/-
(લઘુરૂદ્રનો બીલી પ્રસાદ દાતાને આપવામાં આવશે.)

૩. વર્ષમાં એક દિવસ દાતા કહે તે કોઈપણ એક **કાયમી તિથી**એ ષોડશોપ્રચાર મહાપુજા રૂા.૫૧,૦૦૦/-
(મહાપુજાના દાતા કે મહાપુજા કરાવનાર ને દસ વ્યકિતને સ્થળ ઉપર પ્રસાદ લેવાનો અધિકાર રહશે.)

## શ્રાવણ માસની પુજા.......

શિવાલય-મહાદેવ માટે શ્રાવણ માસનું ખુબજ મહત્વ હોય છે. શ્રાવણ માસમાં મહાદેવને બીલી ચઠાવવાનું મહત્વ વિશેષ છે.

શ્રાવણ માસની કોઈપણ એક તિથી એ ફકત જે તે સમય માટે જ બીલી પત્રની પુજા-સાદી પૂજા બ્રાહ્મણની દક્ષિણા સાથે રૂા. ૫૦૧/-ની સેવા સ્વિકારવામાં આવશે.

આ માટે બહારગામ રહેતા ભકતો તથા સ્થાનિક ભકતો, શ્રધ્ધાળુઓએ અગાઉથી નામ નોંધાવી જવાના રહેશે.

જણાવેલ આયોજન મુજબનાં કાર્યો પૂર્ણ થતાં આ પવિત્ર સ્થળ પિકનીક પોઈન્ટ, વાડાસિનોરનું મિની મહાબળેશ્વર હીલ સ્ટેશનની ગરજ સારે તેવું બનશે તેવી અમારી અપેક્ષા છે. બ્લોક તૈયાર થતાં એક ફેમીલી રહી શકે તેવી સુવિધા મળતાં હીલ સ્ટેશનને કુદરતી સૌંદર્યની સાત્વિકમજા માણી શકાશે અને મનમોહક સ્થળ છોડવાનું મન નહી થાય.

આ પવિત્ર સ્થળના વિકાસના આયોજન માટે બાલાસિનોરના વતનીઓ, ઉદાર દિલ દાતાઓ પાસે નમ્ર અપીલ કરીએ છીએ કે આવો આપણે સૌ સાથે મળી આપણને મળેલ કુદરતી, પવિત્ર સ્થળનું પર્યાવરણ સાથે જતન કરી વતનને હિલ સ્ટેશન પિકનીક પોઈન્ટ બનાવી તેનો ઉપયોગ કરી વતન પ્રત્યેયની ફરજ નિભાવીએ.

કેદારેશ્વર મહાદેવના નવિનીકરણમાં ઉદાર હાથે ફાળો આપી સહયોગ આપો.

### દાતાઓને વિનંતી કે નીચે પૈકી ગમે તે એક વ્યકિતને જાણ કરવાથી દાન મેળવવા માટે આપનો સંપર્ક કરવામાં આવશે.

**૧.** **શ્રી ગોપાલદાસ પુનમચંદ પરીખ(તાતિયા)**
ઠે. પાયગા શેરી, બાલાસિનાર
✆ ૨૬૮૪૭૦ મુંબઈ: (૦૨૨) ૨૩૬૪૩૨૯૫

**૨.** **શ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ**
મેનપુરાવાળા, ઠે. મેનપુરા, તા. ઠાસરા
✆ ૦૨૬૯૯ - ૨૩૫૫૪૦
મોબાઈલ :૦૯૩૨૨૮૩૯૯૪૦

**૩.** **શ્રી દેવદતભાઈ અંબાલાલ ત્રિવેદી**
રામજીમંદિરનું ફળિયું,
✆ : ૨૬૭૫૬૯

**૪.** **શ્રી દેગાંગકુમાર ગજાનંદ પાઠક**
હિંગળાજ માતા પાસે, બાલાસિનોર
✆ : ૨૬૭૬૦૨

**૫.** **શ્રી મણીકાન્તભાઈ છોટાલાલ કડકીયા (સુરતી)**
મોટા મંદિર પાસે, બાલાસિનોર
✆ : ૨૬૬૦૧૨

* * *

# શ્રી બાલાસિનોર ગોકુલેશ સમાજ

પ્રિય સ્વજનો,

સર્વને જય જય શ્રી ગોકુલેશ

શ્રી બાલાસિનોર ગોકુલેશ સમાજ પ્રકાશિત 'કીર્તન-માધુરી' પુસ્તકનું વિતરણ કામ નીચેના સ્થળે નીચેના દિવસોમાં કરવામાં આવશે.

દિવસ : રવિવાર તા. ૨૦.૫.૨૦૦૭ તથા ૨૭.૫.૨૦૦૭.

બંને દિવસે સવારે ૯ થી ૧૨ સુધી તેમજ સાંજે ૪ થી ૬ સુધી (સ્થળ) સત્સંગ મંડળની રૂમ, અમૃત વાડી, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

મુંબઈમાં રહેતા બાલાસિનોરના દશાનિમા વૈષ્ણવોને રૂમ દીઠ એક પુસ્તક ભેટ આપવામાં આવશે. વસ્તી પત્રકમાં નામ હશે તેને જ આપવામાં આવશે. સાથે રેશનકાર્ડ કે ભાડા ચિઠ્ઠી લાવવી જરૂરી છે. જે લોકે કુટુંબથી અલગ રહેવા ગયા હશે તેઓએ નવી જગ્યાનું રેશન કાર્ડ તેમજ ભાડાનું પ્રુફ લાવવાનું રહેશે.

જો તમે જાતે આવી ના શકો તો કોઈ માણસને પુસ્તક લેવા મોકલો તેને તમારી સહીવાળો કાગળ તથા રેશન કાર્ડ આપવાનું ભૂલશો નહીં. એક વ્યક્તિને કાગળ લાવશે તો ગમે તેટલાં પુસ્તકો આપવામાં આવશે.

દશાનિમા વૈષ્ણવોની દીકરીઓ બીજી ન્યાતમાં પરણી હશે તો તેને પણ ઉપરનાં બંન્ને પ્રુફ લાવશે તો પુસ્તકો આપવામાં આવશે. ભારતમાં કોઈ પણ ગામમાં રહેતા દશાનિમા વૈષ્ણવોને પણ પુસ્તકો આપવામાં આવશે. તેઓએ પણ પ્રુફ લાવવું પડશે. ગામનો કોઈ યોગ્ય વ્યક્તિ તે ગામમાં રહેતા બધા જ્ઞાતિબંધુઓને પુસ્તકો પહોંચાડવાની તૈયારી રાખતો હશે તો તે ગામનાં બધાંજ પુસ્તકો પણ આપવામાં આવશે. તે ગામમાં રહેતા દરેક જણનાં નામ સરનામાંની યાદી આપવાની રહેશે.

બાલાસિનોરના સ્થાનિક વૈષ્ણવોને હાલ પુસ્તકો મુંબઈમાં આપવામાં આવશે નહીં.

મનોરથી ભાઈઓને દરેકને પાંચ-પાંચ પુસ્તકો આપવામાં આવશે. તો યાદ રાખજો તા. ૨૦.૫.૨૦૦૭ તથા ૨૭.૫.૨૦૦૭ રવિવાર સવારે ૯ અને સાંજે ૪ વાગે.

*લિ. નવનીતલાલ સી. પરીખ (સરકાર)*

## સુધારો

જ્યોતિપુંજ માસિકના ડીસેમ્બર ૨૦૦૦૬ના અંકમાં જણાવ્યા મુજબ તા. ૫.૧૧.૦૫ના રોજ યોજાયેલ દાતાઓના સન્માન સમારંભમાં કરાયેલ રજૂઆત મુજબ અતિથિ વિશેષ શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળા (જેઓ ઉપયુક્ત મંડળના હાલમાં ઉપપ્રમુખ છે) તરફથી થયેલ રૂા. ૧૦૦,૦૦૦/- ના ન્યાસફંડની રજૂઆત કરવામાં આવી હતી.

તેમના તરફથી આ પહેલા મળેલ ન્યાસફંડની રકમ ઉમેરતા કુલ ન્યાસફંડ રૂા. ૨,૭૧,૫૭૧/- (સરતચૂકથી ડીસેમ્બર ૨૦૦૬ના અંકમાં રૂા. ૧,૭૧,૫૭૧/- લખાયેલ છે. જે સુધારીને વાંચવું.)

ક્ષતિ બદલ મંડળની કાર્યવાહક સમિતિના સભ્યો દિલગીરી જાહેર કરે છે.

*- અસીત રમેશચંદ્ર દેસાઈ*

*કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)*

*માનદ્ મંત્રીઓ*

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રે. સો. લીમેટેડ

**માનનીય શેર-હોલ્ડર સભ્યો**

ભાઈઓ/બહેનો

ઉપરોક્ત સોસાયટીના ૨૧ મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર, તા. ૮.૬.૦૭ના રોજ સાંજે ૭.૩૦ વાગે તેજપાલ ઓડીટોરીયમ ખાતે પ્રમુખ શ્રી રસીકલાલ રમણલાલ કડકીઆ (R.R.) ના પ્રમુખ સ્થાને રાખવામાં આવી છે. તો સૌ શેર-હોલ્ડર સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

કારોબારીની તા. ૨૩.૩.૦૭ની મીટીંગમાં નક્કિ થયા મુજબ નીચે પ્રમાણેના રીકરીંગ ડીપોઝીટ, ફીક્સ્ડ ડીપોઝીટ અને લોનના વ્યાજના દરોમાં તા. ૨૪.૩.૨૦૦૬ થી ફેરફારો કરવામાં આવ્યા છે. તેની સર્વ સભ્યોએ નોંધ લેવા વિનંતી.

**રીકરીંગ ડીપોઝીટ :**

| | | |
|---|---|---|
| ૧ વર્ષથી | ૨ વર્ષની અંદર | ૭ % |
| ૨ વર્ષથી | ૩ વર્ષની અંદર | ૮ % |
| ૩ વર્ષથી ઉપર | | ૯ % |

૧) દરેક મેમ્બર ફક્ત એકજ રીકરીંગ ખાતુ ખોલાવી શકશે.

૨) રીકરીંગ ખાતાઓ રૂપિયા ૧૦૦/૨૦૦/૫૦૦ અથવા ૧૦૦૦ ના ૧૨/૨૪/૩૬ માસ સુધીના ખોલાવી શકાશે.

૩) રીકરીંગ ખાતામાં રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ ભરનારે ચેકથી પેમેન્ટ આપવું પડશે.

૪) પ્રત્યેક લોન સામે અલગ રીકરીંગના ખાતાઓ લોન પ્રમાણેના ખોલવાની રહેશ.

**ફીક્સ્ડ ડીપોઝીટમાં વ્યાજના દર**

| | | |
|---|---|---|
| ૪૬ દિવસથી | ૩૬૪ દિવસ | ૭% |
| ૧ વર્ષથી | ૨ વર્ષની અંદર | ૮ % |

વરીષ્ટ નાગરિક

(ઉંમર - ૬૦ વર્ષ અને વધુ) ૦૦.૫૦ % વધારે

(૧) જુની ફીક્સ્ડ ડીપોઝીટ રૂા. ૫૦૦૦૦/- કે તેથી વધુની હશે તો મેમ્બરોને રસીદ રીન્યુ કરવી હશે તો કરી આપવામાં આવશે.

(૨) જુની ફીક્સ્ડ ડીપોઝીટ નહિ ધરાવતા સભ્યોની વધુમાં વધુ રૂપિયા ૫૦,૦૦૦/- સુધીની નવી ફીક્સ્ડ ડીપોઝીટ સ્વીકારવામાં આવશે.

**સેવીંગ્સ - વ્યાજનો દર :**

બચતમાં વ્યાજ - ૫ %

**ધીરાણના વ્યાજના દર :**

| | | |
|---|---|---|
| (૧) | રહેઠાણની નવી જગ્યા માટે | ૯.૫૦ % |
| (૨) | રીપેરીંગ/ગૃહ ઉદ્યોગના સાધનો, હોમ એપ્લાયસીસ/લગ્ન/અભ્યાસ | ૧૦ % અથવા ૧૧% |
| (૩) | ધંધાકીર -/ ગાડી માટે | ૧૨% |

*વાડાસિનોર પ્રગતી સમાજ કો.ઓ.ક્રેડીટ સો. લી.*
*કારોબારી વતી*

---

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રે. સો. લીમેટેડ

કારોબારીના તા. ૨૧.૨.૦૭ની મીટીંગમાં નક્કી થયા મુજબ નીચે પ્રમાણે રીકરીંગ ડીપોઝીટ માટે ફેરફાર કરવામાં આવ્યો છે.

૧) દરેક મેમ્બર ફકત એક જ રીકરીંગ ખાતુ ખોલાવી શકશે.

૨) રીકરીંગ ખાતાઓ રૂપિયા ૧૦૦/૨૦૦/૫૦૦ અથવા ૧૦૦૦ના ૧૨/૨૪/૩૬ માસ સુધીના ખોલાવી શકશે.

૩) રીકરીંગના ખાતામાં રૂપિયા ૫૦૦ અને રૂા. ૧૦૦૦ ભરનારે ચેકથી પેમેન્ટ આપવું પડશે.

૪) પ્રત્યેક લોનની સામે અલગ રીકરીંગના ખાતાઓ ખોલવાના રહેશે.

*લી. વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રે.સો. લીમીટેડ કારબોબારી વતી*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧ ) **કિરીટકુમાર સી. પરીખ - નીરૂબેન કી. પરીખ**
કહાન ફ્લેટ, ૪/૫, દોલતખાના, સારંગપુર,
ફોન : ૨૨૧૬૬૨૭૭

૨ ) **પરીખ દિવ્યેશ વસંતકુમાર**
૫૭, તુકારામ જાગજી રોડ,
ભાટીયા હોસ્પિટલ પાસે, રામબાઈ બિલ્ડિંગ,
૧ લે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૭
ફોન : ૩૨૫૧૨૨૨૧, ફોન - ૨૪૯૪૬૫૨૭

૩) **જીતેન્દ્ર કાંતિલાલ કડકીઆ**
ખેતવાડી, ૧૦ અને ૧૧ મેઈન રોડ,
શ્રીપતી કેસલ એનેક્સ, 'બી' વિંગ, ૧૫ મે માળે,
ફલેટ નં.-૧૫૦૨ - ૧૫૦૩. મુંબઈ - ૪૦૦૦૦૪
ફોન : ૨૩૮૨૫૫૭૧, મો. : ૯૮૨૦૭૬૭૨૪૫

૪) **મનોહર કીર્તનલાલ ધારીયા (દાઉદીયા)**
બી, ૨૭ ભગવાન કો.હા.સો. લી.,
ફલેટ નં.-૨૦૧, સેકટર નં.-૫, શાંતિનગર,
મીરા રોડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૧૧૦૭
મો. : ૯૮૯૨૧૪૨૪૯૨

૫) **રાહુલ કનુભાઈ શાહ**
'એચ' ૨૦૨, ક્રીષ્ણા રેસીડેન્સી,
દાલમીઆ કોલેજ પાસે, સુંદર નગર,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૪
ફોન : ૨૮૭૧૨૦૭૦
મો. - ૯૮૨૦૨૧૩૧૯૪,૯૩૨૪૪૫૮૩૦૩

૬ ) **રાકેશ વિનોદચંદ્ર કડકીઆ**
ફલેટ નં.-૧, ચંદ્ર દર્શન બિલ્ડીંગ,
૪૩, ભગવાનલાલ ઈન્દ્રજીત રોડ,
બાણગંગા, મુંબઈ - ૪૦૦ ૦૦૬

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**

## નવા ફોન નંબર

૧ ) **શેઠ જ્યોતિવદન ઓચ્છવલાલ - શેઠ અનુબેન જ્યોતિવદન**
ફોન : ૨૩૬૧૧૨૭૯ / ૨૩૬૯૪૩૭૯
મોબાઈલ : ૯૮૨૧૦૩૭૬૮૨

૨ ) **ભૂપેન્દ્ર બાબુલાલ ગાંધી**
ફોન : ૨૩૮૭૭૩૭૮

૩ ) **શૈલેષ કીર્તનલાલ દેસાઈ**
ફોન : ૨૪૯૪૫૫૬૫

૪ ) **રાજેન્દ્ર નટવરલાલ દેસાઈ (અમદાવાદ)**
મો. - ૦૯૯૦૯૦૧૩૮૭૩

૫) રમેશ મોજીલાલ પરીખ (ગુંથરીવાળા)
ઘર : ૨૩૬૨૦૩૮૬ મો. : ૯૯૨૦૨૦૯૫૦૦

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| ગં.સ્વ. તારાબેન રમણલાલ મહેતા (લેડી) | ૮૯ |
| શશિકાન્ત મોહનલાલ શાહ (વસનજી) | ૬૮ |
| મુળજીભાઈ ચંદુલાલ દેસાઈ (વીમાવાળા) | ૮૨ |
| અતુલ બાબુલાલ ધારીયા | ૪૮ |
| અમીષ ઉમેશ દેસાઈ (દેડકી) | ૩૦ |
| મંગળદાસ સાંકરલાલ ધારીયા (માટલી) | ૮૧ |
| પુનમચંદ મોજીલાલ ધારીયા (બલબલ) | ૮૧ |
| તારાબેન નાથજીભાઈ ધારીયા | ૮૬ |
| ચંન્દ્રમણીબેન કાન્તીલાલ ત્રિવેદી | ૯૧ |
| ગં.સ્વ. મંજુલા શાંતિલાલ મહેતા (ધરીવાળા) | ૭૬ |
| ચન્દ્રકાંન્ત પૂનમચંદ દોશી (ડોબુ) | ૭૨ |
| શઆંતાબેન શાંતિલાલ દેસાઈ | ૮૦ |
| વસંતભાઈ (મંગળ) પુનમચંદ પારેખ - **ચક્ષુદાન કરેલ છે.** | ૭૭ |

***પ્રભુ મરનારનાં આત્માને શાંતી અર્પે.***

**ચક્ષુદાન મહાદાન**
**મૃત્યુબાદ, ચક્ષુદાન બે વ્યક્તિને દ્દષ્ટિ આપી શકે છે.**
**આંખરૂપી રત્નોને અગ્નિદાહમાં ન હોમતાં,**
**સંપર્ક કરો - ટે.નં. - ૧૯૧૯**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની
# વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટે
# કાર્યવાહક સમિતિની ૭ બેઠકોની અને પ્રમુખની
# ખાલી પડતી બેઠકોની ચૂંટણી અંગે

વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટે કાર્યવાહક સમિતિના સભ્યોની ૭ બેઠકો માટે ઉમેદવારી પત્રકો મેળવવાની તા. ૧૬.૫.૨૦૦૭ બુધવાર અને સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૩.૫.૨૦૦૭ ના બુધવારના રોજ સાંજે ૮.૦૦ કલાક સુધી સંસ્થાની ઓફિસે તથા ઉમેદવારી પત્રકો પાછા ખેંચવાની તારીખ ૨૬.૫.૨૦૦૭ ના શનિવાર સાંજે ૮ કલાક સુધી સંસ્થાની ઓફિસે.

ચૂંટણીની જરૂર પડતાં ચૂંટણી વાર્ષિક સામાન્ય સભાના દિવસે રાખવામાં આવશે.

**ખાલી પડતી બેઠકો નીચે મુજબ છે**

## <u>પ્રમુખ</u>

**શ્રી આસીત રમેશચંદ્ર દેસાઈ**

## <u>શહેર વિભાગ</u>

**૧) શ્રી ભદ્રેશ પ્રવિણચંદ્ર ધારીઆ** **૨) શ્રી કીર્તી હીરાલાલ કડકીઆ**

**૩) શ્રી શૈલેષ નટવરલાલ કડકીઆ** **૪) શ્રી નીખીલ નવનીતલાલ પરીખ (બખલી)**

## <u>ઉપનગર વિભાગ</u>

**૧) શ્રી કલ્પેશ કીર્તનલાલ ધારીઆ** **૨) શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ**

**૩) શ્રી નીલેશ નવનીતલાલ શાહ**

**નોંધ :-** દરેક ઉમેદવારે લેખિત અરજી કરીને પોતાનું ઉમેદવારી પત્રક સંસ્થાની ઓફિસમાંથી મંગાવવાનું રહેશે. દરેક ઉમેદવારે પોતાના ફોર્મ પોતે જ ભરવાના રહેશે. ઉમેદવાર સંસ્થાનો સભ્ય હોવો જોઈએ તથા એના સમર્થનમાં બે અન્ય સભ્યોની સહી આવશ્યક રહેશે.

*મંત્રી - પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆ*